ત્રિભુવન તરંગ.

દોહરો.

તરંગ ત્રિભૂવન તણી, કિંમત કહિં નવ થાય,
પણ તે આના ચારમાં, પબ્લીક જો વેચાય. ૧

રચી છપાવી પ્રસિદ્ધ કરનાર,

કવિ ત્રિભૂવનદાસ નારણજી,

રેહેવાસી રાયપુર દરવાજે ભઠ્ઠીની પોળ-અમદાવાદ.

પ્રથમાવૃત્તિ. પ્રત ૧૨૫૦.

સંવત ૧૯૭૨ સને ૧૯૧૬

આ પુસ્તક શા. સોમાલાલ મંગળદાસે પોતાના ધી ' ગુજરાત
પ્રિન્ટિંગ પ્રેસમા છાપ્યું. પાનકુવા—અમદાવાદ.

મૂલ્ય ચાર આના.

ત્રિભૂવન તરંગ.

લેખક—કવિ ત્રિભૂવનદાસ નારણજી.

પ્રભુ સ્તુતિ.

રાગ–"આંખ વિનાનું અંધારૂં રે"

કંઇક કરૂણા ઉર લાવો રે, દયાના નિધિ,
કંઇક કરૂણા ઉર લાવો,
જગત વિષે હું જન્મ ધરીને ઠામ ન બેઠો ક્યાંય કરીને,
થાક્યો છું હું હવે ભવ ફેરા ફરિને ફરને રે. દયાના૦
આધિ, વ્યાધિ, થાય ન અળગી, ઉપાધિ પણ સાથે વળગી;
એવી ત્રિવિધિ મારા સિરપર સળગી, સળગી રે. દયાના૦
સાર અસાર સર્વે જગ લાગે, ત્રિભૂવન મુખ એવુ માગે;
જન્મ મરણુ મમ ભાંગો ભાંગો રે. દયાના૦

કાં!!! નોકરીની મઝા કેવી?

ગજલ

ઘણી છે ભીખથી ભુંડી, જુવોને નોકરી ભુંડી,
પીપ્રમેં જોઇ છે ઉંડી ઘણી છે.

અરેરે હોજરી બરવી, તે સારૂ નોકરી કરવી,
કરીને જીંદગી વરવી. ઘણી છે.

ઘણાં છે ટુકડાં પેટા, કેહેવા તેહને શેઠા,
દીએ તે દુ:ખડાં વેઠા. ઘણી છે.

વખતસર રોટલા ખાવા, ઘરેજો દે નહી જાવા,
કશાલા વેઠવા આવા. ઘણી છે.

સદાએ હાજરી દેતાં, મુખેથી હાજી હા. કેતા,
નથી જો માન ત્યા રે'તાં. ઘણી છે.

નિરાંતે ઉંઘતો લેવી, અરેરે હોય છે કેવી,
શનિ જો પાતના જેવી. ઘણી છે.

મળેના નાવુને ધોવુ, મળેના લોકને જોવુ,
અરે-ક્યાં રોદડાં રોવું. ઘણી છે.

પગારો આપતાં થોડા, કરાવા નોકરી ઘોડા,
વળી તે આપતાં મોહોડા. ઘણી છે.

જરૂરી કામને માટે, રજાનો માગતાં ધાટે,
લડે છે વાઘની ડાઢે. ઘણી છે.

નજર જો નાં પડે નાખી, ખરેખર જીંદગી આખી,
બનોને છેવટે ખાખી. ઘણી છે.

મવાલી હોય છે મોટા પ્રજાપત વાહનો જોટા,
બરીને આપવા લોટા. ઘણી છે.

દીએ છે કેક તો ગાળો, ડસે જો તેહને કાળો,
પેલો એ રાદડા વાળો. ઘણી છે.

ચડાવે મુખડાં એવાં, ફુટેલાં તુબડા જેવા,
પડે છે દેખવાં તેવાં, ઘણી છે.
વિના જો આપણી ચુકે, ઘણા તો ગાળીઓ ફુકે,
જાણે જો વાંદરા હુકે. ઘણી છે.
સીકલ જો દેખીને એવી, પડે છે ફાલતો કેવી,
ખરેખર હાડમા જેવી. ઘણી છે.
સદાએ પેટમાં ફડકો, ધરીને વેઠવો તડકો,
કરો આ નોકરી ભડકો. ઘણી છે.
ઘણા તો આપતાં ગાળો, કહે છે ચાલતાં સાળો,
કરે છે માનખ્યો કાળો. ઘણી છે
કુહારા હેડીઆ જેવા, કરે છે કૈકતો એવા,
ખરેખર લાયની જેવા, ઘણી છે
મળેનાં નારનાં સુખો, પડે છે વેઠવી ભુખો;
એવાં છે નોકરી દુઃખો. ઘણી છે.
શેઠાણી થોભીને છેડો, કહે છે છોકરા તેડો;
મુકેનાં એ વિના કેડો, ઘણી છે.
અકારાં કામને ચિંધે, વળી કરતા છતા નિંદે;
જેવાં કે છાતડી વિંધે, ઘણી છે.
ઘડી જો બેસવા જાતાં, દેખે છે દુઃખના દાતા;
કરે છે નયણને રાતાં, ઘણી છે.
ત્રિભૂવન સિખ છે એવી, ધરે તો ઉરમાં લેવી;
પાછી ઇચ્છા કહું જેવી, ઘણી છે.

દોહરા.

માલ વગરના માનવી, અક્કલ હિણુ જે હોય.
સહન કરીને દુખડાં, દે જન્મારો ખોય;

કાં !!! વાણીયાઓ: તમારે હજી અમારૂં દુઃખ સાંભળવું છે કે ? સાંભળો.

" રાગ " જમાનો તો બદલાયોરે "

વાણીડા કંઇક વિચારોરે, ગ્નાતી તો હું છોજ તમારોરે.
વાણીડા કાંઇક વિચારોરે. ॥ ટેક ॥
બૈરી વિનાનો છે બહુ બળાપો, જેને માટે જુવો લેખ;
છેવટ સુધી જો નહી મળે તો, પડશે લેવો જોગી ભેખ.
વિના નથી અમારો આરોરે. વાણીડા.
સુડતાળીશ તો વરસો વિત્યાં, નિત્યે જપંતાં નાર;
વાંઢાનાં વલખાં મેં છેવટે છપાવ્યાં, તો એ ન આવ્યો પાર;
હજુ જુવો આજ અમારો. વાણીડા.
ચાર, ચાર જેની આવૃતિ થૈગે, નકલ બાવીશ હજાર;
ચટણીની પેઠે ગઇ છે તે ચાલી, છતાં નિકળ્યો નહી સાર;
નથી શું કોઇ વાંચનારોરે વાણીડા
પરણી નારીની તો આશા મેં મુકી; બીજો કરીને વિચાર;
વિધવા નારી થકી ઘરને વસાવા, તોએ ઉતર્યો નહિ પાર;,
જુવોને સંસ્કાર મારોરે. વાણીડા.

પુનર લગ્નમાં પહેલુ માગે છે, નષ્ટ નારીને માટ;
કેવી રીતેરે આ લગ્નજ કરવાં? કોઇક ઉતારોને ઘાટ;
સમજને ચિત્તથી સારોરે. વાણીડા.
નાણાં, નાણાંને નાણાંજ માગે, કરવુ હમારે કેમ?
સુધારાવાળાએ દીધી છે છોડી, વાંઢા ઉપરથી રેમ;
ફરીને પડલાનો ધારોરે. વાણીડા.
આખા મુલકના એઠવાડ જેવી, આશ્રમમાં આવે નાર;
તેવી શાણી સતિ કરતી નથી જો, કોઇક મારો એ સ્વીકાર
ભુંડણ જેવી દુઃખનો ભારોરે. વાણીડા.
પ્રથમ તો ઘર ઘરનાંનુ પુછેછે, પછી પુછેછે વેહેપાર,
ત્યાર પછી કેછે વેહેપાર નહી તો, માસિક શુ છે પગાર,
વિધુર વાહાલા કોહોને તમારોરે. વાણીડા.
પોતા પાસે તો પેહેરેલાં વસ્ત્રો, વિના ન હાથ કે વાર,
નંગમાં તો અગ વિનાનુ કએ, હોય ન રાખ રતી ભાર.
છતાં કરે કેવો લખારોરે. વાણીડા.
આથી અધિક દુઃખ કેવુરે ગણુવુ, કેવા કરમના ભોગ;
વિધવા વેસ્યાની સરખી ગણાતી, તો નથી બનતો સયોગ,
પ્રયાસમાં પુરણ હાર્યોરે. વાણીડા.
કયો હમારે મારગ લેવો, કયો કરવોરે ઉપાય?
બધી બાજુથી રેહે છે બળાપો, વર્ણન જેનું ન થાય;
સુણો મારા ઉત્તમ યારોરે. વાણીડા.
શારડી જેવા બારડી માટે, પડયા છાતી માહે શાર;
વેહની પેઠે કોઇક રઝાવો, વાણીડા મારો આ વાર;
હવે થયો મન મુઝારોરે. વાણીડા.

પૈસા આપીને પેટ ભરે તો, ઘરડાનો નાં ગણે બાધ;
રૂડા રૂપાળા પૈસા ન આપે, તેને ન આપે દાદ;
આતે કેવો કેર છે કાળોરે. વાણીડા
અંતરમાં તો નિરતર મારે, નથી બીજા ઉદ્દગાર;
આશા અમારીને અમ્મર કરવા, બધુ પડો કોઇ બાહાર;
જોઇ મારો દીલ દુઃખારોરે. વાણીડા.
દામ દેનારાને દીકરી આપી, ભરવા મુકોને ભંડાર;
ભંડાર ભરવાના નામમાં મુકો, સવળે મુખેથી અંગાર;
તમારો તે ધર્મ સભારોરે. વાણીડા.
બાહાર જતાં હું બધ કરૂં છું, ઘર અને ખડકીનાં દ્વાર;
તાળું લગાવીને કુચીઓ મારી, રાખુ છું હારોહાર;
વિપત્તડી આ કોઇક વિચારોરે વાણીડા.
પ્રેમી પરોણા ઘેર પધારે, હૈયા મારાના હાર;
રાંધીને દેતાં હું લાજ મરૂં છું, દયા લાવોને લગાર,
દેખો મારા દુઃખનો ભારોરે. વાણીડા.
સાચી જુઠી મારી તમે તપાસો, શાણા જ્ઞાતી તકરાર,
તે પછી છેવટ નિર્ણય આપો, વિનવુ વારવાર;
તમારા તનમા ધારોરે. વાણીડા.
કુમારકાનો કાળજ હોએ, જુવો સજજન .સંસાર;
વિધવા વનિતાનો છેવટે બનાવો, બાઇ મને ભરથાર;
જેથી છઉં હું રાજી રેહેનારોરે વાણીડા.
અન્ય જાતી હવે અમથા ન જોઇએ, દારૂણ દુઃખનુ દ્વાર;
અધવચ ગાડુ મુકી ઉલાળી. પાધરા કે પોબાર

જાણે વિતી કીરતાર મારોરે. વાણીઆ.
ટળવળતારે ત્રિભુવન મુખે, પ્યારા સુણીને પોકાર;
ઇચ્છા અમારીનો અંતજ લાવો, ન્યાય કરી નરનાર;
જેમાં થશે જય તમારોરે. વાણીઆ•

ઘરડાઓની મશ્કરી કરનારા સાંભળશો કે ?

રાગ.

ઘડપણ કોણે મોકલ્યું ?

ઘડપણ કાને આવશે, માટે યુવકો તજો અભિમાન;
ગણો સૌ સમાન. ઘડપણ કાલે આવશે ??
જુવાની જાશે જખ મારતી, જાતં જણાશે નઇ;
કાળા કાઢી ધોળા લાવશેરે, માઠી મરવાની ખબરો લઇરે ઘ૦
દાંતને ટાઢો પડી જશે, ગોંખલો થાશે મુખ;
બોલ બોલશો બોબડારે, થાશે ખાવા તણું માહા દુઃખ. ઘ૦
કાન થકી બેહેરા થશો, નહીં સંભળાશે વાત;
બીજાને બોલતા સાંભળીરે, અગી મળશો તમે દિનરાત ઘ૦
આંખ થકી ઝાંખા થશો, થશે આંસુની ધાર;
જણુશ ગોતવા હાથથીરે, મારવાં પડશે ફાંફાં પારાવાર. ઘ૦
નાક નેવાં સમ ટપકશે, લવતા જાશે લાળ;
મશ્કરી કરશે તમ તણી , દેખાદેખીથી નાનેરાં બાળ. ઘ૦
બરડો વળશે બેવડો, સીધું ચલાશે નેઇ;
સળવેથી પડવે હીંડવુંરે, હાથે લાકડી જો લાકડાની લઇ ઘ૦

ડગડગ થાશે ડોકટી, થર થર થાશે હાથ;
સુતાં ગમશે ન સેજડીરે, જો જો એહુ નહીરે રેહેવાય. ઘડ૦
અણુ તેડાથી આવશે, વળી વણુ જોવાથી વાટ;
ખુણે ઢળાવશે ખાટલોરે, જુરી જુરી મરશો દિનરાત. ઘડ૦
ઘડોને ધીરજ નહિં રહે, નહિં રહેજો ભાન;
ધાર્યું કરવાને જો જતારે, થાશે થાશે ઘણું અપમાન. ઘડ૦
ઘર, પરના નહિં ગાંઠશે, કહ્યું ન કરશે કાંય;
કેમે દઇ કરશે કેકડીરે, થાશે રૂવે રૂવે જોજો લાય. ઘડ૦
મોત નિરંતર માગતાં, ઘરાર આવશે નઇ;
પસ્તાવું પડશે તે ઘડીરે, પેલા પુર્વેના લાખણાઓ લઇ. ઘડ૦
જુવાનીના જોરનુંરે, અળગું કરજો અભિમાન;
ઘરડા દેખીને દીલથીરે, સારૂં સારૂં આપો સનમાન. ઘડ૦
ત્રિભૂવન તમને હિતની, સુભ શિખામણ દઇ;
માનશો તો લાભ અલભ્ય છે, એમ આખરે છુટે બાઇ કઇ. ઘડ૦

અલ્યાઓ !? ભીખારીઓનું માહાત્મા પદ તો જુવો ?

ચાબખો.

ખુંટીએ ખાવા ખલકને ટાગીરે, નજરે જોતું નથી કોઇ ન્યાગી,
ઘરાર નકામા, અરર ન ઓદીંા, બીજ દે સુખનાં બાળી. ખુંટીએ૦
ઘરે ફાગણુ સુદ પુનમ કરીને, કરીને ઉપરે ધુડાળી;
વાળી લંગોટી, લઇ ચાલ્યા તુંબડી જોળી બમલમાં ઘાલીરે. ખુટીએ૦
કેટલાક રંગથી રગે છે લુગડા, ખ્યારા જો રંગમાં પલાળી;
ત્યાગી તણો તે ડોળ દેખાડવા, ભસ્મ ભુસે છે કાળીરે. ખુટીએ૦

અનેક જાતની રાખે માળાઓ, ભિન્ન ભિન્ન ભારે પારાળી;
રાખી હ્રદયમાં કડવી કટારીઓ, છેદન ભેદન ધાવાળીરે. ખુંટીએ૦
જોડાને લુગડા માગી પહેરે છે સૂવે છે સેજડી સુંવાળી;
ઉપર ઓઢે છે ઘણી ઝીણુ ઉનનો, કામળી રૂડી કોરાળી. ખુંટીએ૦
નવલાં ઘરોમાં નોત્તમ ભોજનો, રૂડા લીએ છે રમાળી;
પડખે મુક છે પાચ શેર પાકા, ઊંડીઆ સમજો એ ગાળીરે. ખુ૦
એઠા વાસણને એ નહિ ઉટકે, ઠેમે મારી ઉડે છે થાળી,
જતાં બોલાવતા જાય રાંધનારને, રસોઇ વખાણી રૂપાળી. ખું૦
ભજન કરે ત્યા બોલાવે નારીઓ, બેસે ટોળા તેજ વાળી;
લીએ ધડુમલો તેની પેઠે ત્રમ જુટ, પાડે પડાવે ખુબ નાળી. ખું૦
નાયકા સમાન એ નાચો નાચે છે, આખોને આડીએ ઉળાળી;
નખરાં કરે છે કેક હાથ પગ ટેરવે, ભલી દેખીને ભમરાળી. ખું૦
આવા અભાગીઆ નડે નરોને, જાહેર જીવતર ગાળી;
દોરા ધાગાના દમામ કરીને, જાણે હોએજ વનમાળીરે ખુ૦
કે છે, ત્રિભુવન શાણાઓ ચેતજો, જો જો ધુતા ન દે હાળી,
વિસ-ાસ કરતાં લોપર આ લોકનો, મરશોજ મુખડાં વાળીરે ખુ૦

કાં, મુસાફરો મુસાફરીમાં ફરતાં શું ધ્યાનમાં રાખશો કોઇ કોઇ વાંસીયોમાં કેવું સુખ હોય છે.

રાગ પુનમ ચાંદની.

સુણજો શ્રષ્ટિમા ફરનારા, સહુ મુસાફરોરે
રૂડા જ્ઞાની, ગુણી ધર્મ ધુરધર ભાઇ
આહરી એક શિખામણ ઉરમા, હરદમ રાખજોરે. સુણજો

સાખી.

આ કાળો કળિયુગ છે, શ્યામ કામ કરનાર;
ધર્મ નગારો રાખવા, ચેતો ચેતન હાર.
નહીં તો માર તમે જો, ખાશો પૂરણુ પીઠમારે.
જેનું માપ અમાપ હોવાથી, કહું છું સાર.
સમજો તે પરમાણે સરવે ભાઇઓ ચેતજોરે. સુણુજો.

સાખી.

સઘળે શ્રષ્ટિમાં જુવો, ચાલે રેલ વિમાન,
સુખ સંપૂરણુ આપતાં, કરવા ધાર્યાં કામ.
તેમાં દુઃખ હવે શું છે ? તે જન હું દાખવુરે;
તે પર પૂરણુ દે જો દુનિયા દારી ધ્યાન,
માગુ મન મારાથી માનવીઓ હું એટલુરે સુણુજો.

સાખી.

જ્યાં જ્યાં જક્શન હોય છે, બદલાવાને રેલ,
ત્યાં ત્યાં હોએ વીસીયો, રેહેવા, ખાવા સેહેલ.
પણુ ત્યા દારૂણુ દુઃખડા દષ્ટિથી સહુ દેખશોરે,
જો નહિ પ્રથમ પરિક્ષા, કરશો તો ઓ જન.
માટે જોઇ જાણી અનુભવીને, લેજો આશ્રરોરે; સુણુજો.

સાખી.

ત્રિપુડ તાણે ત્રેવડાં, ચોથ ચદ્ર આકાર;
ઉપવીતને માળા ગળે, બહુ ધારણુ કરનાર.
જોતાં નજર થકી તે શુદ્ધ જાતીના છોકરારે;

ખામી કોઇશું ? ? ? કાઢાડે, કોની છે મગદૂર;
એવા આખેથી જોતાં, આપણુને લાગશેરે. સુણજો

સાખી.

પણ માંસાહારી તે કરે, વળી કરે મદ્યપાન;
કસાઇ થકી પણ કૃતયના, નિચ ઘણા નાદાન.
જો જો વટ=ાવી મારે છે, માઠી રીતથીરે,
જોતાં નજર થકી તે જોયું, જન નહિ જાય;
માટે જો જો ભાઇઓ, આપે ઉડા ઉતરીરે. સુણજો

સાખી.

ફુકે ગાંજો, બાડીઓ, લુચ્ચા રંડી બાજ;
વીસી એ કારણ કરે, (કૈક) કુડાં કૃત્ય કરનાજ.
ગુજને અનુમાનો તો મનમા જન એમ આવીયુંરે;
સારા વિચારોનુ વળીયુ સત્યા નાશ
તેથી તમ આગળ આ, વાતડલી વિનયે કરૂંરે. સુણજો

સાખી.

પરથમ પેસી પેટમાં, લઇ જાએ છે ઠામ;
વીસીમાં પેઠા પછી, લે ડગલે ડગલે દામ
જાણે ગોર સરાવા, બેઠા હોએ બારમુરે;
મદ્ય મુકો વિણુએ, વદે ન મુખડે વાત,
બ્રાતો સહુ ઉરમા આ, લેખ લખીને રાખજોરે. સુણજો

સાખી.

વખાણ કરે ગેહેલાં ઘણાં, બાવિક છે ભોજન;
પીરશે જ્યારે પાટલે, ખામું ને ખાઇ ધન

તેમાં અડધુ તો કાચુંને, કાંઈ હોય છે રે;
તેમાં કાંકરીઓ દાઢે, રૂડી કચડાય;
જેનું વરણન શું વ્હાલાઓ હું અહીંયા કરૂંરે. સુણજો

સાખી.

ખાવામાં તો ખરપીયા, જેવો દે ખોરાક,
લે બાસુદી પુરીના, પૈસા એ ના પાક.
બળતરા બહુ બહુ જમનારાને, મનમાં થાય છેરે,
પણ શું ઉપાયો લેવા, કો જગલ માય,
તેમાં સામુ તો બોલાએ, નહી જો મુખડેરે સુણજો

સાખી.

ચોખવટ કરવા જાય તો, ખાય ગાળને લાત;
વધુમાં પાટું પણ પડે, કોણ મુકાવે ભ્રાત.
કારણ કોરટ તો હોએ છે, બહુ બહુ વેગળીરે;
વળી કોણ ખર્ચ કરીને, વખત બહુ રોકાય:
એવા વિચારોથી (સહન કરીને) જાવું જો જખમારતારે. સુણજો

સાખી.

બીજી છે બહુ બાબતો, લખતા ના આવે પાર,
ટુંકામાં તમને કહુ, સમજી લેજો સાર.
ભયાનક નજરે આવે, જમડાનો દેખાવ ત્યારે,
રગડી રીબાવી મારે છે, રેહેતા રાત,
મેં તો નજરે દીઠાં, દારૂણ બહુ દેખાવનેરે. સુણજો

જુના જમાનાવાળાને, છટકેલા સુધારકો શું કહેછે!

ગજલ.

અરે જુના જમાના ના, વગોવો છો તમો શાના ?
પડયાં છે ક્યાં કહો પાનાં, તમારે કેમ કરવુ છે;
માથામાં બાબરી રાખી, ધુપેલો અત્તરો નાખી,
ફરિશુ જીંદગી આખી. તમારે.

ગણોને સરવ દીવાના, નથી જો નામ બીવાના,
ડબલ મધ રોજ પીવાના. તમારે.

જવાના કો નથી નાહાવા, બનીશુ છો અમે બાવા;
જશુ હોટેલમાં ખાવા. તમારે.
પીવાના સરબતો ઘોળી, અદર જો આછલને ભોળી,
ભલેને વાળીએ જોળી. તમારે.

સ્ટોકીંગો બુટને પેહેરી, ફરિશુ લાલીયા લેહેરી,
જુવે જો સર્વ આ શેહેરી તમારે.

અમે તો ખેલને ખેલી, કરીશુ રગની રેલી,
ધંધામાં આગને મેલી. તમારે.
કરી શુ સાયકલે સ્વારી, અમારા મનની ધારી;
અમોને એજ છે પ્યારી. તમારે.
કરીશુ ગાનને તાનો, બજાવી શીડલો પાનો;
મીજાજે રૈજ મસ્તાનો. તમારે.
અમારૂં નાખવા વાઢી, કહો છો જાલીને દાઢી,
ગયુ છે સરવજો આઢી. તમારે.

અમારી મોજ છે માતા, અમારો શોખ છે બાપા;
અમારો રોફ છે ભ્રાતા. તમારે.
સગામાં એ સર્વ સારા, અમોને ઉર છે પ્યારા,
બીજા ને સરવ છે ન્યારા. તમારે.

આ શ્રીમાનો વાસ્તે શું ઇલાજ છે.

દોહરા.

મીજાજ રાખે લોફરો, અમથા આરમ પાર;
ગુણ હિણા વણુ જ્ઞાનથી, બની લંક દરબાર. ૧
વણુ વિત્યે હેઠા કદિ, વાળી ન બેસે પાય,
દૂર દેખી બેસી રહો, ભલે થવાની થાય ૨
દેખી આવા આંખથી, આપણુ રહીએ દૂર,
એ અવગુણે ઉડશે, જેમ આકડા તૂર. ૩
લોફર ને શિખ આપતાં, ઉલટુ આપે દુઃખ;
એ સેહેલો ઇલાજ છે, વળતી કરો વિમુખ ૪

આ કોને કહેવું પડે છે?

ગાયન.

ઓ ??? ગુજરાતી (આવા) કાઠિયારે, વાડીથી સરવે ચેતજો;
કેક કેળણુને ઢેડીને, અહીયાં લાવે છે તેડીને;
લુંટી લેશે દઇ, મેડીનેરે. ઓ.
કંઇક વણીક, કણુબી, દ્વિજો, ધંધો કરતા નથી જો બીજો;
મરણે સો ગળી પાણી; પીજોરે. ઓ.

જો નહી ચેતો તો રૂવાના વૃત વાઢી નાખશે કુવામાં;
એવા છે કેક મૈધ લુવાણારે. ઓ.
કેક કાકા મામા થાતા, નથી દુષ્ટ જરા જો લજવાતા;
આવે ઊંચ કુળના ગુણ ગાતારે. ઓ.
કતીલ કાતીના ઉરવાળા, બનશે સસરા બનશે શાળા;
બાપ, લે, કરતાં રેહેવા વાળારે. ઓ.
કન્યા પરણાવી ભગવે છે, જબરી ધાંધલ એ જગવે છે;
ભોળા જનને ભીખ મગવે છેરે. ઓ.
કેક તો પરણાવે રાંડેલી, મહી સો, સો, ઘરને છાંડેલી;
મોકાણ આવી હોય માંડેલીરે. ઓ.
ગામનાં નામ આપે છે ખોટાં, કરવા આવા એવા ગોટા;
પરવત જેવા જો જો મોટારે. ઓ.
વિશ્વાસ બહુ બહુ એ બતલાવે, વટલેલા અન્યને વટલાવે;
હા, હા–કાર એવો વરતાવેરે. ઓ.
જેવા હડકાયા હોય કૂતર્યાં, એવા આ દેશમાં બહુ ઉતર્યાં.
વણ તેડયા આવે વણ નુતયારે. ઓ.
ફેર ફરી જ્યાં ત્યાં આવા, લોપર લુંટી કરી દે બાવા;
આ લેખ લખ્યો છે ચેતાવારે. ઓ.
કેક બન્યા જેલના વાસી, નથી ટેવ તજતા તોએ ખાસી;
જેલને માની એની માસારે. ઓ.
માટે ખાત્રી પાકી કરજો, છોટે વાંઢા વિધુર વરજો;
શિખામણ આ ઉરમાં ધરજોરે. ઓ.

દેશી રાજાઓએ કેવી જાતના નોકર રાખતાં સં-ભાળ રાખવી.

રાગ ઉપરનો.

ઓ રાજ્ય કરતા??? નોકરને રાખો તો જોઇને રાખજો;
મા, હિજડીને બાપ બાવો, છોકરો હોય તેનો રૂપાળો;
નોકર કરીશું? લેશો લાહાવોરે. ઓ.
મા, વાણીયણને બાપ ધાટી, પામેલ કેળવણી તે જાડી;
નોકર કરીશું? ખાશો ખાટીરે. ઓ.
રખડેલ ફ્રીટેલ જે લુવાની, લપટ ધંધે છોકરો પામી;
શું દીપવશે? તે રાજ્યધાનીરે. ઓ.
બાપ આરબ મા ધરાની, છોકરો પ્રગટયો કરી નાદાની;
શું ન્યાય કરશે? તમ એશાનીરે. ઓ.
આવા નોકરની જો ટોળી, ભેળી કરતાં દેશે બોળી;
લેશે, લેવરાવશે જો જોળીરે. ઓ.
રૂપ રૂડાપર નવ મોહતા, ભણતર ગણતર પણ નવ જોતા;
ખાનદાન પર કહું રેહેજો જોતારે ઓ.
જાત થકી પુરા જાખી, નોકર લેજો રૂડા રાખી;
આબાદી રેહેશે તેથી આખીરે. ઓ.
પરધન મિલ્કતના હરનારા, ફાટી આંખે જે ફરનારા;
નવ રાખો જુલમના કરનારારે. ઓ.
આપ કને રૂડુ બોલી, રજન કરશે રૂડી લોલી;
ખાશે રૈયત આવા ફોલીરે. ઓ.

સારાથી સારૂ કેહેવાશે, લાભો કીરતિના લેવાશે;
રાખતાં પેહેલા જો જોવાશેરે. ઓ.
કુળ હિણુ કરથી સારૂ, નહી કામ બને જો જો વારૂં;
માનો ત્રિભૂવન કે મારૂ રે. ઓ.

મરનારની પછવાડે રડાકુટ કરનાર સ્રીઓ, તમે શા માટે આ રીવાજને અટકાવતાં નથી ?

રાગ.

સીધુડો–ઢાળ–ધડુસલાની.

શાને રડો, કુટો છો સુંદરી, કરી આક્રંદો અપારરે;
વળી કુટી ફાડો છો છાતડી, મારી મુગ હણો સમ મારરે. શાને.
કુટી પીટીને ફાડો છાતડીરે, પછાડી ખાય ભાંગો પાય;
તોએ મરનાર સૂતો સાથરે, બોલી બેઠો નહી થાય રે શાને.
શાને મરનારને તમે રૂવોરે, નથી રોનારાં રેહેનાર;
કોઇ આજે તો કોઇ કાલ જો, ખુટશે શ્વાસ છે મરનારરે. શાને.
અતિ ઉંડાં છે જેનાં મૂળીયાંરે, જુવો ઝાડ અને પહાડ,
ગયા લોપાય તેવા લોકમાં, કાણુ આપણો આધારરે. શાને.
હરતાં ફરતાં ને નથી મૂળીયાં રે, નથી અન્યકો આધાર;
તેવા ટકે કહો શી રીતથી, સુણો શાણુા આ સંસારરે. શાને
સદા મરનારને સંભારતારે, મહા મનડું મુઝાય;
ઓરે આગાધે અંગ આપણે, બહુ બીમારીઓ થાય રે. શાને.

કૃષ્ણ પ્રભુને પ્રભુ રામજીરે, જે.ી શક્તિનો ન પાર
હજુ જપાય જેના નામને, ગયા તેવા જીવન હારરે. શાને.
દુનિયાં આગળ ગાયે દુઃખડારે, મળે લાભ ન લગાર;
ખોટા મક્ષાવા ખલક નાં કરો, બની ગાંડાને ગમારરે. શાને.
અમ્મર પટોજ નથી કોઇનેરે, રૂડા રાજને દરબાર,
મોટા મહિપાળ તે ચાલ્યા ગયા, તજી, ઘટ અને ઘરબારરે. શાને.
જુઠી કાયાને માયા જાણવીરે, જુઠો સરવ છે સંસાર;
મારો કરીને કો નર માનશો, નથી આપણો થનાર રે. શાને.
માટે પ્રભુ, પ્રભુ પ્રભુ જપોરે, જે છે આપણો આધાર;
જેના જપવાથી થશે કોકદિ, બેડો ભવ તણો જો પારરે શાને.
ઘણા લેખક લેખો લખી ગયા રે વળી લખે છે જો હાલ;
છતાં નથીરે શાને છોડતા, રડવા કુટવા તણો ચાલરે. શાને.
આશિષ આપો મુખેથી એટલી રે; જોડીજોડથી બે હાથ;
શાંતિ પ્રેરો પ્રભુ મરનારને, તમે છો ત્રિભૂવન નાથરે શાને.

શું ! યુવક વયમાં આપણે સમજવું જોઇએ !

ગઝલ.

જુબાની નક્કુ જશે ચાલી, નહીંરે જોરથી ઝાલી,
મરોમાં માનવી ખાલી, જુવાની ખેલ છે ખોટો.
જુવાની મેં ઘણી ખેલી, ગણીજો પ્રેમની વેલી,
ગઇ તે કયા મને મેલી, જણાતી તે નથી જોતાં.
હતી નાં મુખથી માગી, જરા તો આવીને લાગી·

જુવાની ક્યં ગઇ ભાગી, જણાતી તે નથી જોતાં.
જરા શું!! રૂપને ધરશે, અરેરે હાલ શુ કરશે;
વળી એ અંગમાં ફરશે, ખબર પણ એ નથી દેતી.
બધાની એ ગતિ થાશે, જુવાની નાતરે જાશે;
પછી જો મન મુનાશે, તમારા સરવનાં જોજો.
જુવાની જાળવો ભાઇ, સદાએ ચાલવુ ન્યાયી;
ત્રિભૂવન એ વદે આંહી, નજરમા રાખજો રૂડા.

મારૂં કેહેવું ઠીક લાગશે ખરૂં ?

રાગ

"તું જોને અભાગીયા જાગીરે ઉંઘ તને કેમ આવે.

એ ઢબ.

તમે સાંભળો સરવે લોકો, બીજુ નથી કાય કે'તા;
સુખ દુઃખ પડે છે કેવુરે, રામનુ નામ લેતા.
કરતાં જો આજને કાલરે, વરસ જો જાય વે'તાં,
બંધ રાખ્યાં અરેરે એકરે, કોઇથી નવ રે'તાં.
નહી લાગે જરાજો વારરે, જમને જીવ લેતાં.
નહી છોડશે જમડા જીવરે, રાજ્યને પાટ દેતા.
માટે મુકો, ચુકો ન ઘડી એકરે, રામ રામ રામ કે'તાં
કહે કવિ ત્રિભુવન દાસરે, નારણજી સુત મેહેતા.

આ જગતમાં સઘળું કોણ કરે ? જ. લેણાદેવીઃ

રાગ—ચાબખો.

જોઇ લ્યો જગમાં જોયા જેવીરે, સૌથી મોટી છે લેણાદેવી
નિચાને ઉંચી પદવી પમાડે, જાણે ન સ્વપ્ને એવીરે. જોઇ લ્યો.
ભરથરી ભૂપનો વાજીનો ઢાણીયો, લાદ ઉપાડતો કેવી ?
તેની સેવા કહો કેવી બજાવી ગઇ, પરિવર પીંગળા જેવીરે. જોઇ લ્યો.
અતિ લલુપતા રામતણી રાખતી, સતી સીતા ઇશ્વ જેવી;
રાવણ પાસેથી લાવ્યા પરાણે, પાછી તજી છે વન કેવીરે. જોઇ લ્યો.
છપ્પન કોટી જાદવો સહાર્યાં, કૃષ્ણ કળાજ કહો કેવી,
એક પારાધીએ પ્રાણ તજાવ્યા, જમીન જોઇ ભુખ જેવીરે. જોઇ લ્યો.
લેણા દેવી જેને સાહાય થાય ત્યારે, તારે છે નાવડાની જેવી,
સાર કરે છે કરા થયેથી, જોઇ જાણી નો'ય જગ તેવી. જોઇ લ્યો.
કે'છે ત્રિભૂવન માટે આ માનવી, સુખ દુઃખ લેજોજ સેવી;
કોઇની અવગણના ગાવી ન મુખડે, છેલ્લી સિખામણ એવીરે. જોઇ લ્યો.

અલ્યા હોકલીયા ? હોકાની મજા કેવી ?

રાગ.

" કર્યાં કરમજે હરી કરક્ષ, તે તો ભોગવવાં પડશેરે—" એ ઢબ.

હોકલીયારે તમે હોકા પીતાં ??? કેમે કરતાં અટકોરે,
હોકા માટેરે ભાઈ બની હરાયા, ઘરઘરના કણ ભટકોરે. હોકલીયા.
રાત, દિવસ જો હોકો પીવાનો, ખોટો ન રાખો ખટકો;
ધંધો તમારો ધુળ મળે છે, લાભ ન થાશે કટકોરે હોકલીયા.

પ્રભાતમાં પ્રભુ નામ તજીને, હોલી નિત્યે નહી પ્રગટારે;
ચલમની શું સેવા કરો છો, હોકા પાણી પર પટકોરે. હોકલીઆ.
બંધીવાન નવ બનો હોકાના, સુણી ન કરશો ચટકોરે;
આરે શિખામણ સુધા સમી છે, જાણો ન મનથીજ ટકોરે. હોક૦
આરે વ્યસનના દોરને દુનિયાં, બાંધી ગળે નવ લટકોરે;
વ્યસન તજવે બહુ લાભ મળશે, એમ ગણીને તમે અટકોરે. હોક૦

અરે ! ગાંઠીયા, તમારી ભવિષ્ય વાણી શું છે ?

ચાબખો

સાંભળો, સાંભળો ગઠીયાજી, તમારા દુ:ખના આવશે દી
ભોગ મેળવશે જો જો તમારા, પકડાશો દિ. સાંભળો.
કરે કડી જો કરશે પોલીસો, પકડાશો તે વેળા
કોર્ટે ચડાવશે, બેડીયો જડાવશે, કરી કેદખાના ભેળારે. સાંભળો.
બાવાથી બુરો વેષ પેહરાવશે, ખાવા દેશે પેટ ભરી;
કામ કરાવશે સખ્ત મજુરી, બરડો જાશે ઠરીરે સાંભળો.
રોટલી બદલે રોટલા આપશે, ઉપર આપશે ભાજી,
માંદા થશો તો લઇ જઇ જો સિકમા, પીવરાવશે જો કાંજીરે. સાંભળો.
ક્લાસ પ્રમાણે પુરશે તમોને, નિત્ય નિયમ સરખોલી;
ચાંચડ, માંકડને ટોલા તમારા, ચામડા ખાશે ફોલીરે. સાંભળો
અનેક જાતના કેદીની જોડે, પુરશે, સુવારશે હારે,
નાવા ધોવાનું જાણજો થાશે, વાર નિમેલને વારેરે સાંભળો.
દાંડાઇ લુચાઇ ત્યા કામ નહી આવશે, મનમા અતિશે મુંજાશો.
આજ્ઞાથી અળગા થશો તમે તો, તુરત ત્યાં ફટકા ખાશોરે. સાંભળો

લાજ જશે તે જુદી જગતમાં, આવકાર કોઇ નહીં આપે;
આંગળીથી ચીંધશે આખી આ દુનિયાં, ચોરી કરી છે આપાપેરે સાંભળો.
નોકરો, ચાકરો કોઇ નહી રાખશે, જાણી જગતનાં લોકો;
સારાં સગાંતે નહી નોતરશે, મુકવી પડશે પોકારે. સાંભળો.
માઠી ગતિ વળી થશે મરીને, જમની પુરીમાં જાશો;
અનંત ભવ ત્યાં કરવા પડશે, માર મોધરીના ખાશોરે. સાંભળો.
ઉપર લખ્યુ તે મિથ્યા ન થાશે, કે, છે ત્રિભૂવન માનો;
ભાવે તો સુધરો તજી તમે ટેવને, બોધ નથીજ આ છાનો. સાંભળો.

રાગ.

"અહા પ્રભુ કરમનકી ગતિ ન્યારી

ભજન.

અરેરેઓ ગઠીયા !! કાંઇક મનમાં વિચારો,
થશે ઉપર કહ્યુ છે તે ધારોરે. ઓગઠીયા
સ્વર્ગ સમા આ રાજ્ય બ્રિટિશમા, ક્યારે નથારે ઉગારો;
નેતરના કટકાથી ફટકારે પડતાં, બગડો બગડશે તમારોરે. ઓગઠીયા.
પરધન મિલ્કત ખેંચી લેવા થકી, જાશે નહી જન્મ વારો,
રઝળી, રખડી અને ભટકીરે મરશો, બીજુ થશે નહી ધારોરે. ઓગઠીયા.
ઉત્યમ આ અવતાર મળ્યો છે, ઘણો સારામાં જો સારો;
પાપ કમાણીઓ કરથી કરીને, પુણ્ય નહી પરચારોરે. ઓગઠીયા.
તરવાને બદલે બુડી મરોમા, હાથે કરી નર્ક દ્વારો,
કે, છે ત્રિભૂવન તમ સુભ ચિંતક, પછી જેવો ભાવરે તમારે. ઓગઠીયા.

અરે બ્યસન વાળા, તમારા માટે હું શું કરૂ છું ?
અને તમારૂં શું થાય છે, તથા થશે.

ચાબખો.

વ્યસનવે દોરડે દિલને વીંટાળી, દુનિયાં હાથે બને છે દીવાળી. ટેક.

આહર્યું ગયું છે જુવો અફીણમાં, દારૂમાં દિન રાત ગાળી;
ગામ, ગરાસને ઘરને ગુમાવ્યાં, ગુમાવ્યા વાસણો, થાળી. વ્ય.

બન્યા હરાયા હોકાને બીડીએ; લાગી ચંડુલમાં તાળી;
વાણ્યું સત્યા નાશ, ચા–તણે સીંગલે, સોડા, લેમન નિત્ય ન્યાળી. વ્ય.

પવિત્ર રીતને મારી પાટુએ, ધર્મી ઉપર ધુળ વાળી;
વીંટીય ગયા બહુ વ્યસનને દોરડે, કાયાને, રૂપ, રંગ બાળી. વ્ય.

તમારા દુ:ખડા દેખી દ્રષ્ટિથી, ચાલે અળતરા કાળી;
આપો છાતી તો કુટું સદાયે, જોરથી મુઠીયો વાળી. વ્ય.

કર્યાં અક્કલના વ્યસનથી કાંકરા, આબરૂ પર ધરી પાળી;
ઘરનાર તમારીયો ઉઠી અડધી રાનથી, સદા રૂવે છે મોં વાળી. વ્ય.

કે, છે ત્રિભૂવન સમજી ને ચિત્તથી, વ્યસન દયો સરવે ટાળી;
થશે આબાદી તેમાં તમારી, વળી લાજ વધશે રૂપાળી. વ્ય.

પરદેસી મુસાફરોને, પુરાતની સ્થળ જોવાને માટે અમદાવાદમાં શું જોવાનું છે ?

રાગ.

" માહું લગાડોતો, મારો સમ છે સલુણી રે "

અમદાવાદમાં જોવા જેવાં, સાતેક છે ઠેકાણાંરે;
જોવાં હોય તો જુવો સરવે, પરદેસી પરોણારે. અમદા.

જા જો રાયપર દરવાજેથી, (૧) શાહઆલમને રોજેરે;
તળાવ અધવચ (૨) કાકરીયુ છે, વિરામજો ત્યાં મોજે રે. અ૦

જો જોઇ આવો મ.ણેક ચોકે; (૩) જુમ્માંમસીદને જોવારે

તે જોઇ જાઓ (૪) ત્રણ દરવાજે, (૫) ભદ્ર કીલ્લાપર મોહવારે. અ૦
એ દેખી દીલી દરવાજે, શાહી બાગની સડકેરે;
હઠીશંગનાં (૬) નિરખો દેહેરાં, નર નારી બીન ફડકેરે. અ૦

ત્યાંથી આવો અસારવાના, પાદરમાં નર નારીરે,
દાદાહરિની વાવ તપાસો, એ શોભા છે ન્યારીરે. અ૦

અનેક સ્થળ બાદસાહી એવાં, રાજનગરમાં રૂડાંરે,
તેમાં મુખ્ય આ સાત ગણાએ, તેજ ગણાવ્યાં પુરાંરે. અ.

કેક અજાણ્યા મુસાફરોને, મન મુસ્કેલી પડતીરે;
તે અડચણ ત્રિભુવનદાસે. દુર કરી છે નડતીરે. અ.

બીજું શું જાણુવાનુ છે.

ધંધાની છે ધમાલ મોટી, વિધવિધ છે વેહેપારીરે;
મળે ન નવરાં ઘર ઘર જોતાં, બાળક નરને નારીરે. અ.

પ્રૌઢ પ્રતાપી. બહુ ધનવંતા, શેઠ ઘણા છે સારારે;
ઇસલામી, પારસીયો, હિંદુ નથી સંપમા ન્યારારે. અ.

જે ચીજ, વસ્તુ, જણશો જોઇએ, તે નાણાંથી મળશેરે;
પદારથોની તાણ નથી જો, અગવડ સરવે ટળશેરે. અ

લોફરથી રેહેવાનું ચેતી, ધાક નથી કોઇ બીજીરે;
ત્રિભુવન સમજાવે ટુંકું, વંદન વદીજન શ્રીજીરે. અ.

દુષ્ટા સ્ત્રીથી શા માટે દુર રેહેવું જોઇએ ?

કીરતન.

દેખોરે દુનિયાનાં લોકો, ડાહાપણમા દુખ પામ્યો. એ ઢબ.

સમારી, નરને ચેતાવા, વાત લખી છે સારી,
દૂર વસજો દુતિ, ધુતિ સમ, નજરે ન્યાળી નારીરે.
દુનિયાંનાં લોકો ?? દુષ્ટા દેખીને દૂર રેહેજો. ॥ ટેક ॥
લાલી સમ લવ લવ કરનારી, હોય કદિ નવ હસ્તી;
સદા શોકને દિલ દાખવતી, દુનિયાને રહે ભસ્તીરે દુનિઃ–
સામું જોતા સનકારાતું, અઘટીત આળ ઓઢાડે;
ખાંસી ખાતાં ગણુ ખુંખારો, હલકી હલકા પાડેરે. દુનિઃ
ગજબ કર્યા સમ ગાળો ભાડે, જાલમ જુલમ કરતી;
ઘરનાં, પરનાં ગણેન કાને, ફાટી આખે ફરતીરે દુનિઃ
કરવત જેવી જીભડીએથી, બે બાજુએ કાપે,
હીતકરને માથે પણ છાણ્યા, જોયા જેવા થાપેરે દુનિઃ
કામ કરતાં કટાળો આપે, વળી જો હરતા ફરતા;
સિખામણને નવ સ્વીકારે, મહિમાંથી એ મરતારે. દુનિઃ
બહુ સારૂં ખાવાને જોઇએ, ભત્રગાળે છે ખાતા;
નફટ વહુ નિરભાગી નરના, સદા નથી શરમાતારે. દુનિઃ
રોટલીયોનો કેર કરે એ, દોઢ દોઢ કોડી ખાતા;
ભાત દાળનું ગુમ્મામ ફેદર, પીટ પાડે પુગતાંરે. દુનિઃ
સરવે જનને મૂરખ લેખ, ડાહાપણ વાળી આપે,
જૂઠણ સમ ભમરાળી ભામા, દુનિયામા દિન રાતરે દુનિઃ

જંગ જમાવે જયા જાએ ત્યાં, દાવાનળની જેવા,
જ્વાળામુખી પરવત ફાટે, એવા બાઇઓ એવારે. દુનિઃ

બા, બા કરતાં બમણી બ્હેક, ત્રગણી થાયે તીખી;
હા, હા કરતા ચુક પડે તો, વેખલ નાખે વીંખીરે. દુનિ

દુનિયાના સરવે દુર્ગુણને, હરદમ રાખે હૈયે,
શરમ, ધરમએ છાડેલીને, શું સિખામણ દઇએરે. દુનિઃ

જગખારી જગમાથી જાતાં; બળતા થાએ એઠી,
મુવા પછી પણ બને ભુતડી, એવી આ જગ હેઠીરે દુનિઃ

કુબડુ કાળા હોકા સરખુ, માહુ હોએ મોઢુ;
રૂપ વખાણે આપ તણુંએ, સૌ દુનિયાથી દોઢુ રે. દુનિ·

ફિટડી જેવા એ અધરને, પરવાળા સમ કે છે,
લવરીથી એ નવરી થાતા, દરપણ સામુ લેછેરે. દુનિ·

નિત્ય નવા વર કરવા વાળી, મસ્તાની મદમાતી,
સતિ સમ પાછા શેખાં કરતા, સેહેજ નથી સરમાતીરે. દુનિઃ

ઉપકાર, અપકાર કરનારાને, સમાન દેખે દ્રષ્ટિ;
નવ જાણે આગળની સ્થિતિ, હતી શુ દુ:ખની વૃષ્ટિ.— દુનિઃ

ત્રિભૂવન સજ્જન સમજાવે, ઘટથી પાડી ઘાટો,
દૂરભાગી દોજક વાસીનુ, દૂરથી ડાચુ ડાટોરે દુનિઃ

ભજન ભાવના.

ભજન.

કાયામાં કેમ રેહેવાશે બાઇ, જયારે દૈવની રજા થૈઇ;
અવધિનો અત આવતાં જોજો, કોઇ રેહેવાનુ નૈઇ. કાયા૦

આંખના ઉઠયા દેવતા અને, નાડીયો તુટી ગૈઇ;
કાનનાં બન્યાં ખોડયાં અને, લવતી લોલી રૈઇ. કાય

હલતા તારા હાથ પડયાને, પગતે લાંબા થૈઇ;
સ્વાસ નળીમાં સ્વાસ પેસેને, શાક્ત ચાલી ગૈઇ. કાયા૦

કાળનું તેડુ આવશે તેતો, જીવડો જાશે લઇ;
લેવા આવેલા કોઇ ઉપાયે, છોડશે જોજે નૈઇ કાયા૦

ખાજે, પીજે, લેજે, દેજેને, કેહેવું તે દેજે કૈઇ;
ગમાર ગાફલ જો રહ્યો તો, બગડી બાજી ગૈઇ. કાયા૦

સંબધ તારો સરવે સગાં, રાખશે ઘડી નૈઇ;
કે, ત્રિભુવન ઘરમાં રહેશે, બાઇ કુડામાં દેઇ કાયા૦

"રાગ" બીગરી કોન સુધારે નાથ બીન, (૨) એ ઢબ.

કર્યા કરમજે હશે કરથી, તે તો ભોગવવા પડશેરે;
સરવ ઇલાજો નિષ્ફળ નિવડી, જો જો નડશે નડશેરે. કર્યાં૦

રામ શરીખા બાળક રાજા, બળવંતા બહુ તનનારે;
અનત નૃપનું પાણી ઉતાર્યું, તેવા ગયા છે વનમારે. કર્યાં૦

પાંડવ જેવા કુશળ ગોદ્ધા, જુવો થયા છે જુગારીરે;
રાજ પાટને હારી ગયા છે, હાર્યા છે દ્રૌપદી નારીરે. કર્યાં૦

રાવણુ સુખમાં કમી હતું શું ? હતી મદોદરી નારીરે.
સર્વ ગુમાવા સુજ્યુ જુવો, સીતા લેવી ધારીરે. કર્યાં૦

દમયંતીને નળનુ પ્રેમી, હતુ ઉત્તમ જોડુરે,
વ્યાખ્યાન તેનુ જુવોને વાચી, વિત્યું છે કંઇ થોડુરે. કર્યાં૦

નંદરાજાએ અનત નાણું, કીધુ દધીમાં ભેળુંરે;
એક દિવસનો આવ્યો એને, નમળ્યું લેવા વેળુંરે. કર્યાં૦

માટે કરમથી અલગ પડજો, હોએ સ્વર્ગે જાવુંરે;
નહિતર કે, છે બાઇ ત્રિભૂવન, નથી હમારે નાહાવુંરે. કર્યાં૦

એજ રાગ.

પાખંડીને કોઇ ન પુંજો, સિધ્ધે રસ્તે ચાલોરે;
અમર પદના સુખડાં લેવા, વ્હાલાઓ વિચારોરે. પાખંડી૦
આરે જગતમાં એકજ એ છે, નામ યાદીશ્વર જેનુરે;
એ વિણ સરવે ધર્તીંગ સમજો, કહ્યું ન માનો કેનુરે. પાખંડી૦
તેને ભજવા કોઇ ન પાડો, મત ભેદ મારા ભાઇરે;
અનેક એકના સિદ કરોછો, નથી તમોને સતાઇરે. પાખંડી૦
અનેક રસ્તા કરવા થકીજો, ઘણા પડે છે ભુલારે;
મોટા મોટાઓ મુવા છે ડુબી, અહી બતાવુ શુ ખુલ્લારે? પાખંડી૦
નામ આદીશ્વર એકજ ભજવુ, હ્રદય લાગણી સાથેરે;
અમ્મર પદ જો થકી-એ મળશે, સમજો ટુંકી વાતેરે. પાખંડી
ત્રિભૂવન તે માટે તમોને, ઉત્ત્મ કરણી કે, છેરે;
રાખો આદીશ્વર હરદમ હૈયે, તરણ તારણ તે છે રે. પાખંડી.

પરભાતી.

હે કરણી કરી લે સારી પ્રાણીયા, એક દિન આવશે જો એવો;
આરે જગતથી જઇશ તું, ધોયેલ મુળાની જેવો. હેકરણી.
તારીરે નારીને, તારા છોકરાંરે, તારા-બાપ અને માતા:
ઘડીયે ઘરે નહિં રાખશેરે, જીવડો ઘટમાંથી જાતા. હેકરણી.
વાડી પોડીને મોટી મેડાઓરે, રૂડા લુગડાં ઘરાણું;
રેહેશે પડયું જો હશે તીહારે, આવ્યે કાળતણું આણું. હેકરણી.
દેશે નહીરે તને દોકડો, તારૂ છેરે તેમ મારાં;
પડશે જવુરે ખાલી હાથથારે, જોજે જોજે જખ મારી. હેકરણી.
કરણી કરેલી તારા હાથથારે, એજ આવશે જો સાથે;

બીજુ રહેશે જો બધુ પડયુંરે તારૂ મેળવવું જાતે. હેકરણી.
ઓર જપાયો છે કાળનોરે, થાશે જોજે અણધાર્યો;
માટે ચેતીને સદા ચાલજોરે, જોજે જાતો ન માર્યો. હેકરણી.
કરણી જેણેરે સારી કરીરે, તેણે સરવસ જીત્યુ,
બીજા બધા જો પ્રાણીએરે, માગી દોજક લીધુ હેકરણી.
ત્રિભૂવન તમારા હિતનીરે, વાત ઉત્તમ કે, છે,
પ્રભુ ભજોને તજો પાપનેરે, એ આ સિખ રૂડી રે છે. હેકરણી.

ભ્રાત્ર મૃત્યુ પ્રસગે ઈશ્વર સ્તુતિ

રાગ. "આહા પ્રભુ કરમનકી ગતિ ન્યારી.
અહો પ્રભુ નમન કરી વારી વારી, મારી વિનતિ લેજોરે સ્વીકારી;
અહો પ્રભુ નમન કરી વારી વારી. ॥ ટેક ॥
લક્ષમણ બંધુ સમ મુજ બધુની, હતી રૂડા "રામજી"ની જોડી;
કાળ કરાળે આવીને ઓચિંતાં, જોડી નાંખી છે પ્રભુ તોડીયે અહો.
રામની મદદ જેવી લક્ષમણ કરતો, સદા રાખી સાથ સ્વારી;
તેવી મદદ મારો આ બધુ કરતો, કામ પોતા શિરપર ધારીરે. અહો.
નિર્મળ મન અને શાંત સ્વભાવે, જ્ઞાની હતો ગુણકારી;
વિખુટો પડી તે વ્હાલા વૈકુંઠ આવ્યો, શેવાના લાભ લેવા ધારીરે. અહો.
સંવત ઓગણીશ, સાલ છકોતેર, વૈશાખ માસ અધિકારી;
સુદી બારસ વાર મગળવારે, મૃત્યુ લોક છોડીને મોરારીરે. અહો.
રૂઠી રીતે તેનું રક્ષણ કરજો, જન્મ ન દે વારી વારી;
અખંડ સુખડાંકે, આપો ત્રિભૂવન, આપ કને અરજ ગુજારીરે. અહો.

સોરઠા.

મરવુ સરવે સિર છે, કોઇ દિન કોઇ રાત;
મિથ્યા ન થાએ કોઇથી, સમજી મનમાં બાત. ૧.
આશિષ આપું ભાઇ હું, અવિચળ કરશે ઇશ;
તરણુ તારણુ છે સરવનો જે જબરો જુગદીશ. ૨.
માસ બાર મુજ હાથથી, પુણ્ય દાન જે થાય;
ભોકતા તેનો તુજ છો, બિરદ સ્વીકારે ભાઇ. ૩.

મારા મિત્ર ખોજા જાનમહમદ વેલસીના મૃત્યુ પ્રસંગે મારો સુભાશિર્વાદ.

રાગ.

ત્રેતાળી ચોપાઇ.

માહરા જ્ઞાની ગુણી રૂડા મિત્ર જાનમાહમદ પરમ પવિત્ર.
ઘણો શાંતને ધીરારે સ્વભાવે, ગયો પરલોક ખબર આભાવે.
ગત વખત પહેલાં દિન એકે, વાત વિનોદ કરતા વિવેકે;
કરી વાત ન આવી તે વખતે, માહરે જાવુ છે જીનંત તખ્તે.
ભલા કેમ વાત રાખી આ છાની, નહોતી જુદાઇ ગુણીયલ જ્ઞાની;
બિજે દિન જયારે આવ્યો દુકાને, ત્યાંનો ગજબ અજબ પડયો કાને.
સદા માટે વિયોગ તારો જાણી, પુરી દીલગીરી દીલ ઉભરાણી;
હતો ગામમાંને ખબર ન દીધી, છાની વાટ વ્હાલા વૈકુંઠની લીધી.
હશે ખરે બન્યું બનવાનું, નથી થયુ તે નથીરે થવાનું,
તારા વિયોગ માટે શુ શુ કરવુ, માહરે મુખડે હવે શુ ઉચરવુ.

તેનો પુરતો કરીને વિચાર, મારા ઉરથી કરૂં છું ઉદ્‌ગાર;
સદા ખુદા ખલક તણો સ્વામી, તેના પાસે માહાસુખ પામી.
જન્મ મરણુ થકી થઇ મુક્ત, રેહેજે સદા માટે તું સયુક્ત;
એવી આશિષ છે મિત્ર માહારી, ખુદા સ્વીકારશે પ્રેમ ધારી.

દોહરા.

સંવત ચાલે ઓગણ્ણી, છકોતેરની સાલ,
ચૈત્ર સુદજો ચોદશે, વાર મંગળની રાત. ૧
બાર ઉપદ એ વાગતા, છોડયા ઘટ, ઘરબાર;
જાનમાહમદ, સુત, વેલસી, જવા જીંનત દરબાર. ૨
બાઇ, ભત્રીજા, પુત્ર છે, કુલીન જાત કુળવાન;
મણી ગુણ માન ધરાવતા, નુરમાહમદ છે નામ. ૩

જળચર, ભુચર અને ખેચર પ્રાણીનો શું સ્વભાવ છે ?

રાગ.

મેયારીનુ મુખ દેખી પ્રિતી પલટાવીરે

સહુ દુનિયાં સ્વારથની દીઠી, સ્વારથ વિણુ નથી કોઇરે.
જળ વિણુ સર પર જાય ન માનવ, પશુ, પક્ષી પણ કોઇરે. સહુ૦
દાવા નળ લાગે લે જંગલ, મૃગ નવ જાયે ફરવારે,
સુક તરૂ પર પક્ષી ન બેસે, ઘડી વિસામો કરવારે. સહુ૦

તેમ જનો જન દીનને દેખી, સરવે આઘા નાસેરે;
સ્વારથની છે એવી દુનિયાં કહ્યું ત્રિભુવન દાસેરે. સહુ૦
અશક્ત, ઘરડા, રોગી વરને, ચાહે ન ચિત્તે નારીરે;
મુવો ગણી મો વાળે તેનુ, રામ થકી લલકારીરે. સહુ૦
માંખણીયા થૈ અનેક આવે, સ્વારથ હોયે ત્યારેરે;
વણ સ્વારથ બોલાવ્યા નાવે, કકલાટથી પણ કયારેરે. સહુ૦
બાપા, કાકા દાદા, મુરબ્બી, સ્વારથ સુધી કે, છેરે,
સ્વારથ સરતાં બને સમોવડ, અવળા અળગા રહે છે રે સહુ૦
સ્વારથ વિણુ જગમાં જન એ છે, પરમારથનો કરતારે;
પરમ કૃપાળુ જો પરમેશ્વર, તરણ તારણુ દુઃખ હરતારે. સહુ૦
સ્વારથીયામા નહિ સપડાતા. પરમાથીઓ પ્રીછોરે;
કહે ત્રિભૂવન સ્વર્ગ પુરીના, અનત સુખડાં ઇચ્છોરે. સહુ૦

અલ્યા દગો કયાં કયાં છે? અને દગાથી શું થાય છે!

ગજલ.

દગો છે દૂધને ઘીમા, દગો છે તેલ ને બીમાં;
નથી હું દેખતો સીમા, દગાથી દેશ ડુબે છે. ૧
દગો છે ખાડને ગોળે, દગો છે પાણીના ખોળે;
દગો છે ત્રાજવાં તોલે, દગાથી દેશ ડુબે છે. ૨
દગામા સરવ છે દાણા, ભેળેલા કાંકરી પાણા;
દગાયો એમ લે નાણાં, દગાથી દેશ ડુબે છે. ૩
દગામાં શાકને ભાજી, કરે વાસી અરે તાજી;

બકાલી ફેંક તે પાજી, દગાથી દેશ ડુબે છે,
દગામાં ફળ અને ફુલો, અને લે ડબલ તે મુલો;
ખવારી માલમાં ભુલ્યો, દગાથી દેશ ડુબે છે. ૫
દગામાં ઘાટ દાગીના, ઘડે છે લોક અભાગીના;
જુઓ આ જગત........દગાથી દેશ ડુબે છે. ૬
દગામાં કેંક કરે ધાતુ, અને દે બો કરી વાતું;
નથી જે લોક એ ચાહતું, દગાથી દેશ ડુબે છે. ૭
દગામાં ભેખ લે ભુંડા, ખરેખર હોય છે લુંડા;
ઘણાએ કૃત્યમાં કુડા, દગાથી દેશ ડુબે છે ૮
દગાથી કોરટે મોટા, લડે છે સાવજો ખોટા;
કરીને ન્યાયમાં ગોટા, દગાથી દેશ ડુબે છે. ૯
દગાથી સાક્ષીઓ લાવે, અરે જે એમને ફાવે;
કોરટને બૌજ મુઝાવે, દગાથી દશ ડુબે છે. ૧૦
દગો છે ભાઇ ભાડુમાં, દગો છે કેંક રાંડુંમાં;
કહું એ સર્વ ગાંડુમાં, દગાથી દેશ ડુબે છે. ૧૧
દગાથી શ્રેષ્ટ ધારે છે, દગાથી મિત્ર મારે છે;
દગાને કોણ વારે છે??? દગાથી દેશ ડુબે છે. ૧૨
દગાના મુળ છે ખોટાં, દગાથી શું નથા જોતાં;
રેહેશો એ થકી રોતા, દગાથી દેશ ડુબે છે. ૧૩
દગાને દેશમા જાણી, વહે છે આંખમાં પાણી;
વિશેષે શુ વદુ વાણી??? દગાથી દેશ ડુબે છે. ૧૪
દગામા કોઇ નથી ફાવ્યા, દગાથી સરવને ચાવ્યા;
ત્રિભુવન નજર બૌજ આવ્યા, દગાથી દેશ ડુબે છે. ૧૫

ગજલ.

કરી લે કામ કરવાનું, આજાણ્યાં છેજ મરવાનું,
નથીએ કામ ફરવાનું, માહાજો ભૂપથી મોટા.
હજારો કામ તે ધાર્યાં, ઘણા માઠાં અને સારા;
જવાનાં જાણજો માર્યા, બધાં જે લોકમાં લેખ્યાં.
થશે જો સર્વ તે ખોટા, ખરેખર એકદિ તારા;
નહી તું રાખ અંદેશો, નહી દે કાળ સંદેશો.
થવાનાં હાલ દેશેઓ ? સમજજો મનની પુરી;
એવુ છે કાળનું ટાણું, ખાતાં ઉપાડશે ખાણું.
નહીં હોય સ્વપ્નમાં જાણ્યુ, અરે ઓ યાર મારા તે.
ત્રિભુવન ચિત્ત ચેતાવા, લખે છે લેખ ઓ બાવા;
કૃત્યો છે કાળનાં આવાં, દગાનાં ભાસતાં ભારે.

ગજલ.

ભરૂસો રામનો રાખી, ફરિને જીંદગી આખી;
કરી લે ભક્તિ તું પાકી, અમ્મર ઓ પદવી લેવા.
બધે હરજો અને ફરજો, રૂડા રોજગાર તું કરજો;
પરંતુ ધ્યાન ઓધરજો, અમ્મર ઓ પદવી લેવા.
રેહેજો મેહેલમાં રૂડા, ઘણા જે શોભતા પુરા;
છતાં એ ના કરે ન્યારા, અમ્મર ઓ પદવી લેવા.
કદિ થા ઝુંપડી વાસે, તથાપી થા ન ઉદાસે;
સદાઓ રાખજો પાસે, અમ્મર ઓ પદવી લેવા.
માહા થાય દુઃખ ને પીડા, કદિ ખાય ફોલીને કીડા;
બનો પણ ઓ બની ધીરા, અમ્મર ઓ પદવી લેવા.

વેરી હશે તરસ ને ભુખો, માહા જે કષ્ટ ને દુઃખો;
કદિ કો ભક્તિ ન ચુકો, અમ્મર એ પદવી લેવા
સુખ દુઃખ કર્મના ભાતાં, નથી તે દૂર જો જાતાં,
(ભોગવ્યા વિના
તમે તે રામને ચા'તા, અમ્મર એ પદવી લેવા.
વિકારો વાંશના તોડી પ્રભુમાં પ્રીત લે જોડી;
વખત આધારનાં ખોટી, અમ્મર એ પદવી લેવા.
વિન્યાએ ભક્તિએ માર્યા, હજારો ભક્તિએ તાર્યા;
ભક્તિએ કામ થ્યાં ધાર્યા, અમ્મર એ પદવી લેવા.

ગજલ

કોનુ કર્યું થાય છે.

ખગે જો ખ્યાલથી ખોટી, ચણાના મેડીઓ મોટી,
જુઠી જંજાળને ચોટી, કર્યું જો કર્મનું થાશે.
નઠારૂ ને ઘણું સારૂ, હશે જે મનમા ધાર્યું;
થશે નાં તે કદિ તારૂ, કર્યું જો કર્મનું થાશે.
બધી છે કર્મની બાજી, કરે જંજાળ શું ?? જાજી,
શ્વાસો શ્વાસથી તાજી, કર્યું જો કર્મનું થાશે.
બધી છે કર્મની વાતુ, દુઃખી તુ દીલ નાં થાતું;
મળેનાં તે ન તું ચા'તુ, કર્યું જો કર્મનું થાશે.
ઉરે તુ ઇશને રાખી તું તારી જીંદગી આખી,
કરે જા કામ તે સાખી, કર્યું જો કર્મનું થાશે.
થવાનુ તે થવાનું છે, જવાનુ તે જવાનું છે,
કરમની વાત એવી જે, કર્યું જો કર્મનું થાશે.

ગજલ.

ઉદર દરકાર નાં ભરવા, નહી જ્યાં પ્યાસની પરવા;
ન વા'લુ જીવવુ મરવા, ફકીરી એ ફકીરોની.
નથી જ્યાં હાસ્ય ને રોવું, કમાવું કે નથી ખોવું;
નથી સુખ દુઃખ ને જોવુ. ફકીરી.
સગાં ને કો નથી વેરી, નથી ધન ધામને મેરી;
નથી દિન દષ્ટિ કો ઝેરી. ફકીરી.
નથી મારૂં અને તારૂં, નઠારૂ ને નથી સારૂં;
નથી મિઠું અને ખારૂં. ફકીરી.
ફીકરની જે કરી ફાકી, જીનંતના સુખને તાકી;
ફકીરી એજ છે પાકી. ફકીરી.
ફકીરી એ વિનાની તો, લુલી ને લંગડી છે જો;
દોજકમા વાસ વસવા ઓ. ફકીરી.

ગજલ.

રમાના વેઠીયાઓ ને, કહો છો શેઠીયાઓ તે;
મને દીલ દીલગીરી એ. રમાના વેઠીયાઓને.
કરે છે બહુ અરે દોડા, દોડાવી ગાડીઓ ઘોડા.
વિરામે ના જુવો થોડા. રમાના.
શ્વાસો લે ન નિરાંતે, ન ઊંઘે દિન ને રાતે;
ન ખાવું ખાય તે ખાંતે. રમાના.
બહુએ દોરડાં તાણે, ન ફાંસો આવશે જાણે;
(પછી) ફુકી દે એક એ ઠાણે. રમાના.

ન જાણે ધર્મની રીતી, ન જાણે ધણીની પ્રીતિ;
ન જાણે આપની સ્થિતિ. રમાના.
દબાયે લોક આવાથી, મહતના હાય દાવાથી;
ગુણો શું લાભ ગાવાથી. રમાના.

ગજલ.

અમલ છે મદ્યથી માતો, જીરવતાં જો નથી જાતો;
(છતાં) જીરવશે વીરલા ભ્રાતો, અમલ છે મદ્યથી માતો.
નમાલા, મૂરખા જે છે, બનાવે આંધળા તેને;
કરાવા હાની એ સૌને, અમલ છે મદ્યથી માતો.
ખરાબી બૌ કરાવે એ, ગણે ના ઉંચ નિચા તે,
ગણાવે સૌ જનો એ-કે-અમલ છે મદ્યથી માતો
હિણાને બૌ ફુલાવે એ, નિચાને બૌ ભુલાવે તે;
અકરમી ચિતર્નાં સમજે, અમલ છે મદ્યથી માતો.
કુકરમો બૌ કરાવે છે. અધરમોમાં ડુબાડે છે,
વિનાએ પાત્રને જો તે, અમલ છે મદ્યથી માતો.
પમાડે જુલ્મથી પીડા, ન જાણે આખરે ક્રીડા;
વપુને વાંતરી (પાડશે) તીણું, ન જોજો ઘેલડા થાઓ;
તપાસી આખરે લાવો, અમલ છે મદ્યથી માતો.

ગજલ.

ફુલોમા ફુલથી ભાઇ, ફુલ્યામા લાભ છે નાહી;
જુઓ આ દાખલો આંહી, ફુલોમાં ફુલથી ભાઇ.

ફુલો જો ખુબ ફુલાઇ, બીજે દિ એજ કરમાઈ;
પછી કેવાં ખરી જાઇ ? ફુલોમાં૦
ખરીને એ ચડી વાઇ, ઉડી જો જાય છે ક્યાંઇ ?
મળે નાં જો પત્તો ભાઇ. ફુલોમાં૦
ફુલ્યાની એ દશા થાઇ, જુવો તો આખરે આંઇ;
ન બીજુ જાણજો કાંઇ. ફુલોમાં૦
ફુલ્યા તે કૈઇ ગયા ઉડી, તજી ઘરબારને મુંડી;
ગુમાવી આબરૂ રૂડી. ફુલોમાં૦
ફુલેલાં ફૂલને જો—જો, પછી એ દાખલો લેજો;
જુઠું જો હોય તો કે'જો. ફુલોમાં૦
ટુંકી છે શિખ આ મ્હારી, હૃદયમાં રાખજો ધારી;
વિશેષે શું વદું વારી ફુલોમાં૦

ગજલ.

ધરમના રાફડા ફાટ્યા, અરે કયા જુગના દાટ્યા;
ગણ્યા કે જાય નાં ગાંઠ્યા, ધરમના રાફડા ફાટ્યા ??
ઘણા કે ધર્મ એ મોટો, ઘણા કે ધર્મ તે ખોટો,
અરે આ કેટલ્યો ગોટો, ધરમના૦
ઘણાતો મુરતી પુંજે, ઘણાતો પુંજતાં ધ્રુજે;
હવે સાચુ કયુ સુજે. ધરમના૦
ઘણાતો પુંજશે દેવી, ઘણાએ ના ગણે એવી;
ખરી કઇ વાત તે કેવી. ધરમના૦

ધરીને ભૂ પરે ભેખો, (લખીને) ગયા છે જો ઘણા લેખો;
હવે સાચા ક્યા દેખો. ધરમના૦
અનાદી ઇશને ખુદા, જરી જોતાં નથી જુદા;
મળે છે ખોળતાં મુદ્દા. ધરમના૦
ઉભયની એક છે નેકી, ઉભયની એક છે ટેકી.
બીજા તો સહુ પડયા ઠેકી. ધરમના૦

ચંડાળને શિખામણ યાને દુષ્ટને દીલાસો.

ગજલ

ખુટયાં છે પુન્ય જો તારા, હવે એ પાપના વારા;
ભોગવ તું ભાઇ એ મારા, હવે દિલગીર છો શાને ? ? ?
ચડીને મોટરે ફરિયો, જુલમ જાલમ ઘણો કરીયો;
નથી જો પાપથી ડરીયો, હવે દિલગીર છો શાને ? ? ?
ગણી ના ધર્મને નીતિ, ગણી નાં કાળની ભીતી;
ન જાણી અન્યને વીતી, હવે દિલગીર છો શાને ? ? !
હર્યું છે કૈકનું નાણું, બધે તેં આપનુ જાણ્યુ;
બીજાનુ ઉર નાં આણ્યુ, હવે દિલગીર છો શાને ? ? !
લુંટાએ એટલ્યુ લુટ્યુ, બધે સ્થળ જ્યાં લગી ખુટયું;
કુટાએ ત્યાં લગી કુટ્યુ, હવે દીલગીર છો શાને ? ? ?
લપટતા ખુબ તેં ખેલી, ન જાતી કોઇ તે મેલી;
ઓળંગી હદ જો છેલી, હવે દિલગીર છો શાને ? ? ?
હવે શું ? ? હાય એ માડી, રડે છે મુખડું ફાડી;

વદન વીલું કરી દાડી, હવે દિલગીર છો શાને ? ? ?
હવે તું હીજડો થામાં, નફ્ટ થઇ દુખડા ગામા;
ઉપાનો શિરપરે ખામા, હવે દિલગીર છો શાને ? ? ?
થવાની તે થવાની છે, જવાની તે જવાની છે;
મિથ્યા તે નાં થવાની છે. હવે દિ ગીર છો શાને ? ? ?
દીલાસો દઉ તને ભાઇ, હિંમ્મત તું હાર નાં કાંઇ;
તેમાંથી પામશે સાહી. હવે દિલગીર છો શાને ? ? ?
રીબાવ્યા બઉ જનો રોળી, કુકરમોથી કરી હોળી;
ખજાના પાપના ખોળી. હવે દિલગીર છો શાને ? ? ?
હણ્યા તે મિત્રને, પાજી, રચીને પાપની બાજી;
ન રાખી પાંખ તે સાજી હવે દિલગીર છો શાને ? ? ?
હતા ઉપકાર ના કરતા, ફર્યા વિદેશતે ફરતા;
પ્રભુની ધાક નં ધરતાં. હવે દિલગીર છો શાને ? ? ?
રખાવ્યો રે'મથી રૂડો, બનાવ્યો ડાઘ દઇ કુડો;
ગણાવ્યો બહુ ઘણો બુરો. હવે દિલગીર છો શાને ? ? ?
ભલો જે ભાવ હતો તે, લજાવ્યો લોકમાં તે છે;
હવે તે કેમ થાશે જે. હવે દિલગીર છો શાને ? ? ?
હવે પસ્તાઇ તું પાપી, પ્રભુની આગને આપી;
હૃદય વિકારને કાપી. હવે દિલગીર છો શાને ? ? ?

પાપી પાપે પામીયો, પૂરા પદર લાખ;
પ્રભુ પણ જો નવ પુછશે, ભીતિ મન નવ રાખ;

જખમકારને બે ઉદગાર.

ગજલ.

હૃદયમાં છે જખમ તાજો, રૂઝાવ્યો એ નથિ રૂઝાતો;
બનું હું કેમ તે સાજો. હૃદયમાં૦
જખમની છે પીડા એવી, ગમે નાં નિંદ જો લેવી;
કરી તેં જીદગી એવી. હૃદયમાં૦
ગમે નાં પીવું ને ખાવુ, ગમે નાં આવવું જાવુ;
ઘણો એ મન્ન મુઝાવુ. હૃદયમાં૦
ગમે નાં બોલવુ, કે'વુ, ગમે નાં સ્થિર થઇ રે'વું;
દારૂણુ જો દુ:ખ છે એવું. હૃદયમાં૦
ગમે નાં પે'રવું અંગે, ગમે નાં કોઇની સંગે;
કર્યો તેં જખમ એ રંગે. હૃદયમાં૦
નથી ધંધો મને ગમતો, નથી હું શાંત થઇ સમતો;
વિચારોથી રહુ દમતો, હૃદયમાં૦
ઘણી છે ઢંગ વિનાનો, ખબર લે કોણુ (આ) બીનાનો;
કર્યો તે ઘાવ કીનાનો. હૃદયમાં૦
પ્રભુ જો પાંસર્યો થાશે, ખબર તે દીન લેવાશે,
જખમ તે દિન રૂઝાશે. હૃદયમાં૦
ખબર જો ન્યાયની રીતે, સમજીને કાયદા ચિતે:
કહી જો રાયને પ્રીતે. હૃદયમાં૦
થયો છો હાલ તો રાજી, તિમિરમાં તું ઘણો ગાજી;
કુકરમો કર કરી પાજી. હૃદયમાં૦

સદા હિ નાં જરી એવા, સમજ જે હાલ છે તેવા;
વખત જો આવશે સેહવા. હૃદયમાં૦
અરે વણુવાંકથી મા'રી, ખરાબી તે કરી ભારી,
સત્તાને વાપરી ન્યારી. હૃદયમાં.
ધણીની થઇ મતી ઊંધી, બળી ગઇ છે બધી બુદ્ધિ;
નથી જોતો હજી સુધી. હૃદયમાં૦
ભરી તેં વ્યોમમાં ફાળું, કરાવ્યું મો બધું કાળું;
મને તે જોઇ છે જવાળું. હૃદયમાં.
પ્રભુ પણુ કેમ સાંખે છે, ? દયા તે કેમ રાખે છે; ?
ત્રિભૂવન મુખ ભાખે છે. હૃદયમાં૦

ગજલ.

કળિ આ કાળ છે ખોટો, જુવો જન કેટલ્યો મોટો,
કરે છે તે ઘણો ગોટો, કળિ આ કાળ છે ખોટો ? ?

ઘણા લોફર અને ખોટા, ગણાવે તેહને મોટા;
જડે નાં જેહના જોટા. કળિ આ૦
ઘણા લંપટ અને લુચ્ચા, જગતથી જાય જે ઊંચા;
લીંબુ તે ઠેરવે મુચ્છા. કળિ આ૦
દગાળા જે ઘણા ચોરો, દયાને જ્યાં નથી પોહરો;
લંબાવે તે ઘણાં જોરો. કળિ આ૦
ઘણા છે ઘાતકી જાજા, બને છે તે ઘણા તા'જા;
કરી ઘરબારને સાજા. કળિ આ૦

અખજ ને મુખડે ખાયે, જગત સહુ તેહને ચાહયે;
ગુણો સહુ તેહના ગાયે. કળિ આ૦
કુકરમી કૃત્યના કુડા, કાકુરથી હોય જે જુંડા;
ધરે છે વંશ તે રૂડા. કળિ આ૦

ગજલ.

કસોટી મિત્રની કરજો, તપાસી મિત્રની ફરજો;
પછી તે સાથ વિચરજો. કસોટી.
ઘણા લોપર જુવો લાલા, ઘડી, પળ થાય છે વાલા;
દેખાવો દે ઘડી ઠાલાં. કસોટી.
સ્વારથથી ઉમગ તોડે, ચડીને રાત, દિ ઘોડે;
નકામી ખોપરી ફોડે. કસોટી.
ઘણા પીવા અને ખાવા, તણા લેવા જુવા લાવા;
બનાવા આખરે બાવા. કસોટી.
ખરેખર કામની વેળા, ન થાયે આપણી ભેળા;
મર્યે પણ નાં કરે મેળા. કસોટી.
અરિ સમ આપણા થઇને, દગો દે દૂર તે રઇને;
ખણે છે મુળીયાં ખઇને. કસોટી.
કસોટી જો નહી કરશો, વિના સહુ મોતથી મરશો;
ત્રિભુવન સિખ ઉર ધરશો. કસોટી.

ગજલ.

નફટના છોકરા એવા, કરે છે કામ તે કેવાં;
જુવો દઉ દાખલા તેવા. નફટના૦

બધાને હલકા લેખી, કરે છે ચોગણુ શેખી;
ન જાએ આંખથી દેખી. નફટના૦
બડાઇ આપની કરતા, રહે છે ફાંકડા ફરતા;
નથી એ લાજથી ડરતા. નફટના૦
લડાવે લોકને નિત્યે, સમજી રોજગાર તે ચિત્તે;
હણાવે સંપ એ રીતે. નફટના૦
કમાણી એ ગણે રૂડી, ગમાવે ગાંઠની મુડી;
કરાવે કીર્તિ ભૂડી. નફટના૦
ફરે થૈ લાલીયા લે'રી વદી વાણી વદન ઝેરી;
બની એ સહુ સ્થળે વેરી નફટના૦
ખવારે જે ધણી તેને, પીડે છે પાપીયા તેને;
ન છોડે અન્ય, પોતાને. નફટના૦
નફટની વાત છે ન્યારી, તજો યારો તમે યારી;
ત્રિભૂવન સિખ ઉર ધારી નફટના૦

ગજલ.

સમય બદલાય છે જ્યારે, બધુ પલટાય છે ત્યારે;
અનુભવ થાય છે ત્યારે. સમય૦
સદાએ સાથ જે ખાતા, ઘડી જૂદા નહિં થાતા;
નથી તે ચિત્તથી ચાતા. સમય૦
સુધા તે તો બને ઝેરી, ઘણા વાહલા બને વેરી;
અને લે દુઃખમાં ઘેરી૦ સમય૦
સતી ઘર નારી હોએ તે, બને કુલટા ખરેખર એ;
ન જાણી હોય જગમાં જે સમય૦

ઘણાએ લાવતા મેવા, ઘણા ઉઠાવતા શેવા;
હુકારો ન રહે દેત્રા. સમય૦
મુખેથી બોલતા બાપા, ન પોહરો જીભથી ખાતા;
ન બોલે તે કહે કાકા. મય૦સ
સમયનો રંગ છે જૂદો, સમયનો અન્ય છે મુદો;
સમયને જોઇ તમે કુદો. સમય૦

ગજલ.

સુકાએ ઝાડવું જ્યારે, ન જાએ પક્ષી ત્યાં ત્યારે;
જુવો કો દિન કે વારે. સુકાએ૦
પીતાં જે સર વિષે પાણી, ઘણા ઉર હર્ષને આણી;
સુકાતાં (પશુ) જાય ના જાણી. સુકાએ૦
હરણ જે જંગલે ચરતાં, આનંદ ઉરમાં ઘણો કરતાં;
બળ્યે ત્યાં પાય નથી ભરતા. સુકાએ૦
શ્રીમંતો હોય છે જ્યારે, ઘણાઓ માન દે ત્યારે;
તજે તે દીન થતાં વારે. સુકાએ૦
સ્વારથની દુનિયા દેખો, ખરેખર ખ્યાલથી પેખો;
ત્રિભૂવનના જુવો લેખો. સુકાએ૦

ગજલ.

જગતને કો નહીં જીતે, બકે છે ચાય તે ચિત્તે,
ન બોલે કોઇ જો રીતે. જગતને૦
કવિને કેક કહે કુડા, કહે વિદ્યાનને ભુંડા;
કહે રંડીબાજને રૂડા. જગતને૦

કહે ઉડાવ દાતાને, કહે લોભીજ ગ્નાતા છે;
કહે છે મ્લેચ્છ ગ્નાતા છે. જગતને૦
ઘણા જે દભીને માની, કહે (તેને) ગુણી અને ગ્નાની;
મતિતો હોય છે પાની. જગતને૦
ખરા વકતા જગતમાં છે, કહે છે વાયડા તેને;
ભલા કે મૂઢ સારા છે. જગતને૦
ઘણા સત્યવાદીઓ મોટા, ગણે છે તેહને ખોટા;
હરામી નિચના જોટા. જગતને૦
જગતની રીત છે ઊંધી, મૂરખને બહુ કહે બુદ્ધિ;
દઉ ક્યાં દાખલા સુધી. જગતને૦

ગજલ.

ન થાએ શાંતિ જ્યાં જરીએ, નહીં ત્યા પાયજો ભરીએ,
ભલે ભૂખે સદા મરીએ. ન થાએ૦
ઘણી જ્યાં ખટપટો હોએ, ન જાશો ત્યાં ઘડી કોએ;
ભલે ને લાભ ત્યાં હોએ ન થાએ૦
ઘણા જો ઇરષાવાળા, કરે છે કૃત્ય જ્યાં કાળાં;
વિઘનના જે કરી ચાળા. ન થાએ૦
સદા જે ખોદણી કરતા, ભમે છે ગામમાં ફરતા;
નથી જે નિવૃતિ કરતા. ન થાએ૦
ઘણા જ્યાં લાલચુ, લોભી, જીવે છે લોભને થોભી;
નથી જ્યાં કીરતી શોભી. ન થાએ૦
ઘણા જે કુડીયા કપટી, રહેલા સ્વાર્થમાં લપટી;
હૃદય છુપી છરી ડપટી. ન થાએ૦

દયા ને ધર્મ ન મળે જયાં, શરમ કે લાજ ન મળે ત્યાં;
નીતિ ભક્તિ નથી જન જ્યાં. ન થાઓ૦
વસે કુલટા તણા વાલા, રખડતા લોકમાં લાલા;
ભૂપર જે ભાર દે ઠાલા. ન થાઓ૦

ગજલ.

કરે છે શાખીયો ભાજી, ઘણાએ લોફરો ગાજી;
મપ્રતના નિત્ય નવી તાજી. કરે છે.
મરે છે માર જો ખાઇ, છતા માર્યો કહે ભાઇ;
કેવી શૂરવીરતા આઇ. કરે છે.
અક્કલ તો હોય ના જરીએ, છતાં વિદ્વાન થઇ ફરીએ;
આનું શુ ! આપણે કરીએ. કરે છે.
કમાવે નાં કદિ કોડી, ધધામાં ચિત્તને ચોડી;
ગમાવે બાપની મુડી. કરે છે.
ઘણા તો કૂળના નિચા, બકે છે સરવથી ઉચા.
ન મુખે રાખતાં કુચા કરે છે.
કલ કર્યા હોઅ છે ડુબ્યા, છતા આપે બની સુબા;
ફરે છે રોફના કુબા કરે છે.
કરે નાં કંઇનું સારૂં, છેવટમાં મરતાં વારૂ;
કર્યું કોઇએ, કહે મારૂં. કરે છે.
ન જાણે આક ઊંઠા તે, છતા ટીકા કરે છે એ;
નકામા નિર્લજાઓ જે. કરે છે.
વગોવે અન્યનાં નામો, વગોવે અન્યના કામો,
વગોવે અન્યના ધામો. કરે છે.

સલાહો કોઇનાં માગે, છતાં તે આપવા લાગે;
કર્યું કકલાણુ જેમ કાગે. કરે છે૦
દબાવે સર્વને કાલા, જુવો વગડાઉના વાલા;
કહે છે લોક તો લાલા. કરે છે૦
કૃત્યોતો ચોરનાં કરતાં, નથી જો નામ તે ડરતાં;
છતાં હોય શાહ સમા ફરતા. કરે છે૦
ઘણા વડેલ વટલેલા વરણુથી દૂર છટકેલા;
ન હોએ કયાય અટકેલા. કરે છે૦
જનો જ્યાં શેખીના કરતા, પડે નજરે કદી ફરતાં;
ન સામો પગ તમે ભરતા. કરે છે૦

જબરાઇથી નાણું કઢાવનાર કુકર્મી માટે.

ગજલ.

અરે ! ! નાણું તમે લેવા, કરો છો કેર તે કેવા; ?
સહ્યાં જો જાય નાં તેવાં, અરે ! ! નાણુ તમે લેવા.
ડરાવો કેદ કરવાને, ફક્ત નાણુંજ હરવાને;
પાપી પેટ ભરવાને. અરે ? ?
ચડાવો આળ જો ખોટાં, અમે તેવાં તેને મોટાં;
કરી બીહામણા ફોટા. અરે ? ?
દીઓ છો ગેબની ગાળો, કરો છો માનખ્યો કાળો;
ભરો છો કુફવી ફાળો. અરે ? ?
રીબાવા મારજો મારી, અકરમી ઘા કરી કારી;
પ્રભુની બીક પરવારી. અરે ? ?

રડાવો પાણીએ રાતે, ગુજારી જુલ્મને જાતે;
વિચારો કોઇ નાં વાતે. અરે ! !
ખરેખર રાક્ષસો જેવા, ધરો છો રૂપ જો તેવા;
ફરો છો જીવન્જો લેવા. અરે ! !
લુંટારા કૃત્યને કરતા, નથી શાને તમે ડરતા;
નથી કાં મોત વિણુ મારતા. અરે ! !
તમારૂં કાચ્યું હું દેખી, બીહું છું જમ સમા લેખી,
તમારી એવી છે શેખી. અરે ! !

ગજલ.

કરે છે ખાય તે ખોટું મને છે દુઃખ આ મોટું;
નિરાંતે કેમ હું લોટું. કરે છે ખાય તે ખોટું.
વદે છે બ્હાર જો વાંકું, પડે છે કાળજે ધ્રાંકું;
નજર હું ક્યાં હવે નાખું. કરે છે૦
કરે છે આબરૂ હીણી, ખવાર્યાં પર ધરી શીણી;
વૃત્તિ વ્હાલા કરી ઝીણી. કરે છે૦
તજી ઉપકાર ને આધા, કરે અપકાર જો નાગા;
મુકી મરીયાદની માજા. કરે છે૦
બની ને બાપના વ્હેરી, ઘણા દે દુઃખથી ઘેરી;
જીવન ને એ કરી ઝેરી. કરે છે૦
અરે ! ! શું માગણા વાળા, કરોમાં કૃત્ય જો કાળા;
વજે જો રામના સાળા. કરે છે૦
નજર કો ક્યાં હવે નાખું, ભરૂંસો કોણુ નો રાખું;
પોતાની કાપતાં પાંખું. કરે છે૦

ગજલ.

પનોતી સાડ સતી બેસે, (અરજદાર થઇને) કોરટમાં તે ઘણી પેસે;
ત્રિભુવન અનુભવી કે' છે. પનોતી૦
વકીલોની કરી પરવા, વળી ઘર તે તણાં ભરવાં;
પડે પૈસા તૈયાર કરવા. પનોતી૦
પુરાવાની પીડા પાકી, જવું ફેરા થકી થાકી;
દશા કહો કેટલી વાંકી. પનોતી૦
વસીલા, વગ તણી વાતો, પડે કરવી ઘણી ત્યાંતો;
ફીકર કહો કેટલી ભાતો. પનોતી૦
પડે ખોટી ઘણું થાવું, તજી રોજગારને ખાવું;
જુવો ભાઇ દુ:ખ છે આવું. પનોતી૦
ફુરકીયો કેકની ખાત્રી, વિના જો કારણે ભાઇ;
દુ:ખો તે ક્યાં કહું ગાઇ. પનોતી૦
વખત જો કોરટે જાવા, ન લાવો કોઇ પણ બાવા;
કરો અભરામના દાવા. પનોતી૦

ગજલ.

કરોમાં કામ જો એવા વધે વેરી ઘણા તેવા;
અકારા લોક કે એવા. કરોમાં.
તજાએ લાજ જો રૂડી, ઘટે જો ઘર તણી મુડી;
ગણાએ શાખ જો કુડી. કરોમાં.
ભોગવવી આપદા ઊંડી દબાવે લોક જો મુંડી;
ખરાબી થાય જો ભુંડી. કરોમાં

બીમારી જે થકી આવે, રૂડા રોજગાર ગુમાવે;
(વૈદ્યો) ઘણા જ્યાં આગળ ધાવે. કરોમાં.
જેનાથી હાનીયો જાજી, મળે નિત્યે ધણી તાજી;
બને શત્રુ ઘણા રાજી. કરોમાં.
મળે નાં જે તણો સાધો, વિચારો એ નહિ બાંધો;
પડે જે કામથી વાધો. કરોમાં.
ન થાયે કામ જો તેવું, કદિનાં સિર પરે લેવુ;
કઠણુ છે જે ઘણું એવુ. કરોમાં.
વધે કુસંપ જેનાથી, બે ચેની થાય એનાથી;
વધે કકળાટ તેનાથી. કરોમાં.
ઘણી અગવડ પડે એવી, અને સગવડ ટળે તેવી;
ન તેવી વાટ જો લેવી. કરોમાં.

ગજલ.

કર્યે પર નારની પ્રીતિ, બધી બગડે જુવો સ્થિતિ;
હૃદયમાં રાખવી બીતિ. કર્યે.
ન સુઝે કામ કે ધંધા, કરે છે પ્રેમ એ અંધા,
તજાવે નીતિના બંધા. કર્યે.
નિરાંતે નિંદ જો નાવે, ન ખાવું ખતનું ભાવે;
હરાયા સમ બનાવે એ. કર્યે.
સગાં વાહાલા દિસે ઝેરી, વળી મિત્રો દિસે વેરી;
તજાવે દરકાર સહુ કેરી. કર્યે.
તજાવે સર્વ જો નાણું, છેવટમાં વેચવું ભાણું;
બનાવે કાળજ્યુ કાણુ. કર્યે.

બને છે આબરૂ પાણી, કરાવે કીરતી કાણી;
વિચારો ઉર બધા આણી. ક્યેં.

કમોતે મોત થાયે છે, પ્રીતિ એ દુઃખ દાયે છે;
ત્રિભૂવન એજ ગાયે છે. ક્યેં.

દોહરા.

પરિ પૈસાથી ઉતરે, તજી ભુવન જો દેવ;
પૈસાથી દુનિયાં બધી, કરે પાયની શેવ. ૧

સ્વર્ગ મળે પૈસા થકી, જો કરી જાણે દાન;
દે પઇસાથી ભૂપતિ, મહિમાં મોટું માન. ૨

મુરખ મોટા માનવી, મુંઢ મતિ ના હોય;
પણ ત્યાં પઇસા હોય તો, ભરે સલામો જોય. ૩

ફાવે સહુ ફરિયાદમાં, જ્યાં પૈસાનુ જોર;
સાધન ને સગવડ મળે, રમત એનીજ ઓર, ૪

સગા સ્નેરવ તે ચા'ય છે, અઢળક રાખી પ્રેમ;
મિત્ર મળે મન માનતા, એ પૈસાની નેમ. ૫

મુખથી વારી માગતાં, હાજર થાયે દુધ;
એક બોલાવે એકવીશ, લેવા આવે શુધ. ૬

દુનિયાં બહુ ડાહ્યા ગણી, આગ્ના આધિન થાય;
વિરૂદ્ધ કો વરતે નહીં, પૈસાને મહીમાય. ૭

સરવ સુખની વેલડી, સરવ સુખનું ઝાડ;
ધન બિન ત્રિભૂવનનો, કોઇ ન માને પાડ. ૮

ગજલ.

અરે ? ? નિંદા તણા કરતા, કરો તો પૂરતી કરજો;
તમારૂં પેટ ઠાંસીને, તમે જો તે વડે ભરજો;
ન ફાટે પેટ નિંદાથી તમારૂં ધ્યાન ત્યાં ધરજો;
ન ઊંચાં થાય આંતરડાં, તમે તે ખ્યાલને કરજો,
ન ચાલે પેટમાં પીડા, અતિશય આહાર જો કરતાં;
ખરાબી થાય ના તેથી, રહેજો ખ્યાલ તે કરતા.
કરાએ એટલી કરતા, ન પાછો પાય જો ભરતા;
પ્રભુ કે જો અમારાથી, જીગરમાં જો નહિં ડરતા.
અમે તો ઇચ્છીએ એવું, જીવીને રહો સદા ફરતા;
અમારા જીવતાં સુધી, તમે જોજો નહિ મરતા.
અમારૂં ઇષ્ટ છે એમાં, અમારા મનમાં જાણી;
બજાવો કામ કાયમ, એ, અમારા મુખની વાણી.

"મેચારીનું મુખ દેખી, પ્રીતિ પલટાવી રે" એ રાગ.

મૂરખને શિખામણ દેતાં, ઉલટી થાએ હાનીરે;
અળગા વસજો એ કારણથી, માહરૂં કેહેવું માનીરે. મૂરખ૦
લાભ તમે તેવાનો તાકી, કેહેશો સેહેજે સવળું રે;
તદપી કરશે ધાર્યું તેનુ, અતિ ઘણું તે અવળુ રે મૂરખ૦
બળતે પેટે કદિ વધારે, જોર કરીને કેહેશોરે;
માન ગુમાવી જગના જનમાં, તમે તમારૂં દેહેશોરે. મૂરખ૦
ટુંકારા ને ખાશો ગાળો; ઉપકાર જો જો કરતારે;
ત્રિભૂવન સજ્જન તમને કે ભલે મૂરખ્યાં મરતારે. મૂરખ૦

એજ રાગ.

બોદર બકતા હોએ તેમાં, કદિ ન આડા પડવુંરે;
સારૂં સાકર જેવું કેહેતા. ઝેર ગણે છે કડવુરે. બોદર.
આવામાં આડે પડવાથી, પાય પનોતી વળગેરે;
ચોટે ચિત્તા સમ આપણુને, ઓને રાખી અળગેરે. બોદર.
આવા આવે આપણુ પાસે, કદાચ કાંઇએ કે'વારે;
ક્ષણુભર વાત હ્રદયમાં ધરવા, કાન કદિ નવ દેવારે. બોદર.
આવાને અવલોકી ડાબા, સદાય રેહેજો અળગેરે;
ક્યાં નદીએ જાવું છે નાત્રા, જાતમ ઝાડો સળગેરે. બોદર.

ગજલ.

હરામી હોય છે કેવા ? જુવો દઉં દાખલા તેવા;
તમારા લક્ષમાં રેહેવા. હરામી.
કરે ઉપકાર જે લાખો, કપાવે તે તણી પાંખો;
હરામી ભવ જુવો આખો. હરામી.
કરેલી ખાનગી વાતો, અરિને જઇ કહે જાતો;
વિના નથી શાંત તે થાતો. હરામી.
ઘડે જો લાકડાં તેવા, ઘડે ઘોડા સદા એવા;
સરત ને દુઃખડાં દેવા. હરામી.
બીજાને દુ:ખ દે પાજી, બને ત્યારેજ તે રાજી;
હીણા (કૃત્યો)થી નામરે લાજી. હરામી.
ધરે નાં કોઇનું કાને, પ્રભુનું પણ નહી માને;
છેવટ સમશાન ને સ્થાને. હરામી.

ફરેછે છીદ્ર તે જોતા, ગણેનાં પાશ્ક, પોતા;
ત્રિભૂવન કે જુવો શ્રોતા. ઠરાવી.

ગજલ.

ફજેતી થાય છે હાડી, મળે જ્યાં શંખણી લાડી;
કલેજી ખાય છે ફાડી. ફજેતી૦
ઉઠે છે પોહોર દિન ચડતા, બધાને રાંડ તે લડતા;
મૂકે નાં ટેવ તે મરતાં. ફજેતી૦
સદા રહી લુગડે મેલી, જુવો તો ભુતડી થેલી;
કરે ડાહાપણ વળી પેલી. ફજેતી૦
કહ્યું તે કોઇ નાં માને, શિખામણ ના ધરે કાને;
પડી તે ભોગ છે પાને. ફજેતી૦
ન ટાણે રાંધણું આપે, રાંધે તે બાફણું બાફે;
મળેલી પૂર્વનાં પાપે. ફજેતી૦
અદેખી ને અકોણી એ, કરે ધારેલ તેણે તે;
ગણે ગાઠે ન બીજાને. ફજેતી૦
વધારે કોઇ જો વળા, કહો તો માનવી ટોળાં;
બૂમોથી બહુ કરે ભેળા, જુવો જન્માષ્ટમી મેળા. ફજેતી૦
મળે જ્યાં શંખણી નારી, પુરૂષ ભવ જાય તે હારી;
ન ફાવે કોઇ જો કારી. ફજેતી૦
ફજેતીથી ડરી જગમાં, જવા મન થાય છે નગમાં;
વિશેષે તો કહું ખગમાં. ફજેતી૦

(મૈયારીનું મુખ દેખી, પ્રીતિ પલટાવીરે) એ રાગ.

નબળા દિનની એ નિશાની, વેરી લાગે વા'લારે;
અણુધારી આવે ઉપાધી, મોંયથી પ્રગટે બાલારે. ન૦

સંપ સરવથી જાએ ચાલ્યો, એવી કુમતિ આવેરે;
કારણ વિણુ કકાસ વધારી, સધળે ભૂંજી લાવેરે. ન૦

ધંધામાંથી ધ્યાન તજાએ, સૂઝે ખરચો કરવારે;
દેવાની દરકાર ન રાખે, તજી લજ્યાની પગવારે. ન૦

કાં બેરીને કેહવે ચાલે, નહીં બીજાનું માનેરે;
દેવ દયાથી કેહેવા આવે, કદિ ન સુણુશે કાનેરે. ન૦

જુઠાણુંનુ જોર વધે છે, નીતિ નાતરે મુકીરે;
પાપ કરમમાં પગદે પેહેલા, સત્ય, ધરમને ચુકીરે. ન૦

બીજાનું દેખીને સારૂં, ચિતડું સળગી જાએરે;
દેખે અન્યનુ અવળું ત્યારે, આ-દ ઉર ઉભરાએ. ન૦

સ્વારથ કારથ કારણુ બીજાઓને, દેછે દુઃખમાં બોળીરે;
નવ જાણે નિજ ઘેર પ્રગશે, ફાગણ સુદ (૧૫)ની હોળીરે. ન૦

જો પોતાને મળતો હોએ, કદિક પૈસો એકજરે;
હજારની અન્ય હાની કરતાં, ડરે ન દિલથી છેકજરે. ન૦

ખાએ તેનાં ખણે મૂળીયાં, ઝડમૂળ કરવા સારૂરે.
કુકરમી જો કાળું થાતાં, ધરાર કરે છે ધાર્યુંરે. ન૦

હિંદુ બાઇઓના સુધારા.

(રાગ) મરશીયાં.

હાય હાયરે હિંદુ બાઇઓના સુધારા;
તજી દીધા રીવાજો, રૂપાળારે. હાય હાય૦
હાય વોયરે હિંદુ બાઇઓના સુધારા. ॥ ટેક ॥
સહુ જુવો છો બાઇ ભલાજો, મુકી દીધો છે માળવે મલાજો;
કેવી દીસે છે તમને બલાજોરે, હાય હાય!! હાય વોયરે.
હોય હાથેક સોળની સાડી, તોય અરધે માથેરે ઉઘાડી;
ફરે આમ તેમ ઘુમતી અનાડીરે, હાય હાય!! હાય૦
જુવે પોલકાં નિરગે રૂપાળાં, ઘણી ઘણી ટુંકી બાંય વાળાં;
રહે બાવડાંઓ અર્ધાં ઉઘાડાંરે હાય હાય!! હાય૦
બહુ પોલકાંઓ આજે ગમે છે, પેહેરી પોલકાંને ખુલી રમે છે;
અને ચૌટાંની મધ્ય ભમે છેરે, હાય હાય!! હાય૦
અંગ ઓઢે છે વસ્ત્રો જો આછાં, અંગ દેખાય વાસેથી ખાસાં,
જુવો જુવો બાઇ આ તમાસારે, હાય હાય!! હાય૦
પેહેરી સપાટ, બુટને ચાલે, એક હાથે જો છત્રી ઝાલે;
પછી મકલાતી મન મ્હાલેરે, હાય હાય!! હાય૦
આ, વિના ન દિન એક છાંડે, ઉઠી વ્હેલીને કીટલી માડે;
દીધા વાળી જો ધમરોળ રાંડરે, હાય હાય!! હાય૦
મુખ ઘાલે છે પાનાના ડુચા, થુંક ફેંકી કાઢે બહુ કુચા;
હોઠ રાતા કરી જુવે છે ઉચારે, હાય હાય!! હાય૦
કરે સોદા જો જઇને બજારે, હરી ફરી દુકાનો હજારે;
બાપ, દદાની આબરૂ વધારેરે, હાય હાય!! હાય૦
નિત્ય જોવા નાટકને જાયે, ગીત મુખે નાટકનાં ગાયે;
હોય ભલે પિતા, માત, બાઇઓરે, હાય હાય!! હાય૦

કેટ સીખી હોટલમાં જાવા, બેસી ખુરસી ટેબલપર ખાવા;
કુળ ઉભયની આબરૂ ગુમાવે, હાય હાય ! ! હાય૦
ઘેર ચુલે નાખે નહિં છાંણું, ભાંગે ડબલ હોટેલમા નાણું;
ભલે રેહેવાનાં હોયેના ઠેકાણુંરે. હાય હાય ! ! હાય૦
બહુ ભાવે સીખંડને પુરી, રૂડાં રાયતાંની સાથે કચુરી;
શાક મફત ખાવે બની થરી, હાય હાય ! ! હાય૦
રૂડા હાથના ખોરાકને તજ્યા, ખાવાં ગમે હોટેલનાં ભજ્યાં;
લે છે નાંણું કરીને ઘેર કજ્યારે, હાય હાય ! ! હાય૦
વળી મોઢાં રૂમાલે લુછે છે, આમ ભમરા હોટેલમાં ઘુંસે છે;
કોણુ એવી નારીને પુછે છેરે હાય ! ! હાય૦
ઘેર ધાધરાને જાલરો જાજી, હોય તેમ તેમ થાય તે રાજી;
જોઇ જોઇને મરૂં છું હું લાજીરે, હાય હાય ! ! હાય૦
કેટ દિસે ગુલાબડી જેવી, જાણે મારવાડની એક દેવી;
બાઇ વિશેષ વખાણું હું કેવી રે હાય ! ! હાય૦
કેટ દેસી રાજાઓની રાણી, ફરે ખુલ્લી થઇને બાઇ સાણી;
મુકી માથે ઓજલને પાણીરે, હાય ! ! હાય૦
માન હતું ઓજલમાં મોટું, ગણી દીધું તેને સાવ ખોટું;
અને કાઢે ગાડીમાં રોજ દોડુ રે, હાય હાય ! ! હાય૦
સુર્ય ચંદ્ર ક્યારેક મુખ જોતા, એમ રાણી ઓર્જલમાં રેહેતાં;
હવે જુવે ભંગીને ઢેડ સોતાંરે, હાય હાય ! ! હાય૦
પૂર્વ સતિ થવા રાણી જાતી. ફક્ત ત્યારે ખુલ્લી તે દેખાતી;
મુખ અબે અંબે ઉચ્ચરાતીરે, હાય ! ! હાય૦
અંગ્રેજે જીવીત દાન દીધુ, સતી થવા તણુ બંધ કીધું;
ત્યારે ઉપરનુ માન વોરી લીધુરે, હાય ! ! હાય૦
ઘણા લોકે સુધારો આ કીધો, ધરાની પોષાક વળી લીધો;

હાય મુંબઇથી ડંકો આ દીધોરે, હાય હાય ! ! હાય૦

હોય વેતા ન એક જો રતિના, કામ કરે છે અવળી મતિના;
ભોગ મેળવ્યા છે પ્યારા પતિનારે, હાય હાય ! ! હાય૦

પાડી ટેવો જો ફેલ કરવની, પડે મરજી ત્યાં ત્યાં તે ફરવાની;
મુકી માથેથી બિક મરવાનીરે, હાય હાય ! ! હાય૦

વાત કરવા કાગળથી શીખી. રૂડા રીવાજ નાખીયા છે વીખી;
ખાય છેવટે આ દુનિયાને ભીખીરે, હાય હાય ! ! હાય૦

અન્ય પુરૂષને દઇને તાળી, વાત ચોટે કરે છે રૂપાળી;
કહો કોણ શકે બાઇ શકે બાઇ ખાળીરે, હાય ! ! હાય૦

ન હોય ઘરમાં અરે એક ઘાતુ, તેમા કરે નવી નવી વાતું;
નથી દુઃખડુ આ ખમી ખવાતુંરે હાય હાય ! ! હાય૦

જુના રીવાજ દીધા છે ત્યાગી, નાના મોટા ઘરોમાં લાયલાગી;
હવે સુઝે જવું નહિં ભાગીરે, હાય હાય ! ! હાય૦

નથી ધર્મ ગુરૂ શિખ દેતા, મોટા મોટા નથી બંધ રેતા;
નથ પ્રમુ આવીને કૈંઇ કે'તા રે, હાય ! ! હાય૦

નથી ભક્તિના ભાવ ઉર ધરતી, નથી દાન પુણ્ય હાથેથી કરતી,
વ્હાલા વિઠલ વરને નથી વરતીરે, હાય હાય ! ! હાય૦

સાવી સસરા ને નણુદી ગમે નહિ, સાથ બેસીને પ્રેમે જમે નહિ;
બોલ કદિ તે કોનો ખમે નહિરે, હાય હાય ! ! હાય૦

કૈક ધણીની પહેલાં જમે છે, વળી મરજી પડે ત્યાં ભમે છે,
છતાં ગુણી આ કેમરે ગમે છેરે, હાય હાય ! ! હાય૦

જુવો જવો કહું મારા મિત્રો, આ કેવાં સુધારા ચરિત્રો;
કાંક જોશોતો રહેશો પવિત્રોરે, હાય હાય ! ! હાય૦

દાસ ત્રિભુવનની સુણી વાણી, થતી અટકાવો આબરૂ પાણી;
રીત હિંદુની લોઢે લેવાણીરે. હાય હાય ! ! હાય૦

ભાવનગર રાજ્યના મહુવા માહાલમાં, જાહેર પ્રજામાં, કરપીણ રીતે થયેલાં બે ખુન.

ખુનીઓને બચાવનાર સામે પડી આત્મભોગ આપવા તૈયાર થઇ ખરી હકીકત અજવાળે લાવનાર બાહાદુર નરરત્નને અમારા તરફથી ધન્યવાદના બે બોલ.

બાહાદુર નરરત્ન ન્યાયવર્ય સાહેબ,

કાવસશાહ પીરોજશાહ કરાકા.

રે. મહુવા પણ હાલ અમદાવાદ.

આ મહુવા એ ભાવનગર રાજ્યનો મુખ્ય માહાલ છે. જ્યાં વીશ હજાર માણસની વસ્તી છે. આ ભાવનગર રાજ્ય કાઠિયાવાડ ઇલાકામાં "પાયોનિયર" પંક્તીમાં ગણાય છે. રાજ્યકર્ત્તાનુ નામ ભાવસિંહજી છે, અને તેઓશ્રીએ કે. સી એસ. આઇ. નો ઇલકાબ ધારણ કરેલ છે. તે રાજ્યકર્ત્તાની રૈયત વર્ગમાં તમો હતા. આ પત્ર લખવાના કારણમાં હકીકત એવી છે કેઃ—

તા. ૧૯–૮– સને ૧૯૧૪ ના રોજની રાત્રીએ (રોજા મહિનાની તા. ૨૬ મીની રાત્રે) બે પોલીસ ચકલા વચ્ચે અને પોલીસ પેહેરા નજદીક–રાતના બાર ઉપર બે વાગે–પરજીયા સોની નન્જ નારણ નામના સખ્સને તથા તેમની ઓરત બાઇ વાલલને તરવારની

છેરી ધારથી સંખ્યાબંધ પ્રહારોથી ટુકડા કરી ઠાર મારી નાખવામાં આવ્યાં–જેનું વૃત્તાંત લખતાં હૃદય કંપે છે.

ખુન થયાની તારીખે, પોલીસ, ફોજદાર, જમાદાર, અને હવાલદાર વિગેરે ગામમાં હાજર હતા. છતાં ખુન કરનાર કોણ છે? અને તે કયાં નાસી ગયા? એ બાબતમાં તેમના તરફથી સિધિ રીતે બીલકુલ તપાસ કરવામાં આવી ન હતી. તપાસ નહીં કરવાનું કારણ, ખુનો કરાવવામાંજ પોલીસવાળાએ મુખ્ય પાઠ ભજવેલો છે. "જુવો મહુવા ન્યાયાધિસની કોર્ટના ફોજદારી કેસ નંબર ૩૧૨ સં. ૧૯૭૧" "અને ભાવનગર સર ન્યાયાધિસ સા. ની કોર્ટના સેસન્સ કેસ નંબર સંવત ૧૯૭૧."

ખુનીઓને પકડવાનું કામ પોલીસ ફોજદારનું હતું, તો તેનો આ કામમાં હાથ હતો એટલે પકડાય કેવી રીતે? અર્થાત આ બે ખુનની વાત કૂતરા, બીલાડાના સ્વાભિક મૃત્યુ તરીકે લેખાઇ હવા· સીક બની ગઇ. આ વાત મારા સાંભળવા પ્રમાણે તમોને ઘણીજ કંટાળાપાત્ર થઇ પડી. અને તમો ભાવનગરની રૈયત હોવાથી તેમજ, તમોશ્રીના માન્યવર્ય પુજ્ય પિતાશ્રીએ લગભગ આવીશ વર્ષ સુધી આ. પો. ના ઉપરી તરીકે, તેમાં પાંચ વર્ષ લગી તો સ્વતંત્ર પો. ઉ. સાહેબ તરીકે, ન્યાયિક વૃતિથી, નિમકહલાલ કરેલી નોકરીના સસ્કારો તમોએ જાતે જોએલા હોવાથી તમારૂં અંતઃકરણ ઉછળી આવવાને લીધે, આકાશના તારા તોડવા જેવા માહાન કાર્યમાં પ્રથમ નામદાર મહારાજા સાહેબને મળવામાં વિજય મેળવ્યો, હકીકત સમજાવવામાં ભાગ્યશાળી બન્યા–માહાન પર્વતને માથે ઉચકવા જેવા ભયને ધારણ કર્યો," અને પોલિસના ઉપરી સીવાય, સ્પેસીયલ પોલિસ સુપ્રીન્ટેન્ડેન્ટની

નિમણુંક કરાવી–કેસ હાથ લેવરાવી, પુરાવો એકત્ર કરાવી આપ્યો–છેવટે ન્યાય કોર્ટમાં કેસ સાબીત કરાવી આપ્યો. આવો બનાવ જો જોઇએ છઇએ તો કાઠિયાવાડ ઇલાકામાં પહેલોજ જોઇ શકાય છે. તે ખાતે તમો નામદારને માહારે કેટલો ધન્યવાદ આપવો ??? કેટલી સાબાસી દેવી ??? છેવટ કયા સારા શબ્દોનાં બોલવું–તે મારી હ્રદય ડીક્ષનરી જોતાં જડતા નથી.

જુવો કે આ કામ કરવામાં તમોએ તમારા પૂર્વજોના કાર્યથી વિશેષ કર્યું નથી. મતલબ ?

૧. આપના પિતાશ્રી પીરોજશાહ બેહેરામજી કરાકાએ ભાવનગર રાજ્યમાં બાવીશ વર્ષ નોકરી કરી રાજ્ય પ્રજામાં સંપૂર્ણ સંતોષ મેળવ્યો છે.

૨. આપના દાદાશ્રી બેહેરામજી હોરમસજીએ મોરસી ધવાણી અને દેદા બારવટીયા જેવા, કાઠિયાવાડમાં તુબાં પુકરાવનારને પકડવામાં વિજય મેળવ્યો હતો.

૩. આપના પિતાશ્રીના પુજ્ય કાકાશ્રી ધનજીશાહ હોરમસજી તે કાઠિયાવાડ ઇલાકામાં રાજકોટ ખાતે પોલીટીકલ એજંટ હતા. જેમણે કાઠિયાવાડ ડીરેકટરી લખી છે.

આવા ઉજવળ કીર્તિરત અને ખાનદાન કુટુંબમાં ઉત્પન્ન થયેલા પુરૂષ જે નીતિ, ધર્મ, સત્ય, દયા અને લોકહિતનાં લૌકિક કામ કરે તેમાં નવાઇ નથી પરંતુ એવા કુટુંમનજ પુરૂષો આવુ કામ જગતની દ્રષ્ટિપર લાવનાર તરીકે કહું તો તમોશ્રીજ છો. આ કાર્યકર્તા તમોએ મતલના સંયોગોમાં આવી ગયા છતાં નિડર રહી, કાર્ય સાફલ્ય કર્યું એ ઓછા ધન્યવાદની વાત નથી. વળી કોઇ જાતનો જાતીકો સ્વાર્થ

કે રાજ્યલાભ હતો નહી છતાં પોતાને ખર્ચે બોહોળી નુકસાનીઓ વેઠી વિજય મેળવ્યો તેથા વિશેષ ધન્યવાદ ઘટે છે.

ઉપરનો પત્ર હું મારી ત્રીભુવન તરંગ નામની ચોપડીમાં પ્રગટ કરૂં છું. તેમાં મેં યોગ્ય પત્ર લખેલો ગણી પ્રગટ કરવા રજા આપશો તો મારા હૃદયને નિવૃત્તિ મળશે. તા. ૩૦–૩–૧૯૧૬.

લી. શેવક
ત્રિભૂવનદાસ નારણજીના
સવિનય પ્રણામ.

ભાઇશ્રી ત્રીભોવનદાસ નારણજી કવી,

અમદાવાદ.

તમારો લખેલો પત્ર યથાર્થ છે, પરંતુ મેં મારી ફરજથી કાંઇ પણ વીશેષ કર્યું નથી, અને ભાવનગરના ખુદાવીંદ માહરાજા સાહેબના રાજ્યની સેવા બજાવવી તે માહરા મુખ્ય ધર્મ પ્રમાણે માહરી મુખ્ય ફરજ ગણાય; ને તે મેં કાંઈ પણ અંશે બજાવી હોય તો તેમાં કાંઇ પણ વીશેષ કર્યું નથી. ચોકસ સાબીત કરવાનુ માન મે. વામનરાય કપીલરામને ઘટે છે. આ પત્ર પ્રગટ કરવાથી કાંઇ વીશેષ નથી. તમારો મારા કાર્ય સામે એટલે દરજજે પ્રેમભાવ છે તે જાણી હું ખુશી થાઊં છુ. તા. ૧–૪–૧૬.

લી. સેવક
કાવસશાહ પીરોજશાહ કરાકાના
સલામ વાચશો.

મહુવાના ઈ. પોલીસ ફોજદાર સાહેબ પ્રાગજીભાઈ હરિરામનું પરાક્રમ.

હકીકત એવી છે કે, મહુવા માહાલની હદમા, જાંગુડા ગામની સીમમાં ડુંગરાવાળા પ્રદેશમાં રાતના વખતે, ચોકતાખાના ભડારીયા ગામના રેહેનાર વાણીયા તારાચદ લવજી અને મોચી બેચર પાચાને આહેર જીવા લાખા, ભીમા નાજા, કોળી વાલા ડોસા, બીજલ લખમણ બાબર ગીલા વરતાએ જીવથી મારી નાખી રૂ ૫૦૦) ની હુંડી, રૂ ૧૦૦) રોકડા તે સિવાઇ બીજો કેટલ્યોએક માલ લઇ ગયા હતા તેને તા. ૨૪-૧૨ સને ૧૯૧૫ ના રોજ બારીક તપાસે ઘણી કાળજીથી મુદ્દામાલ સાથે હસ્તગત કર્યા છે.

હમેશાં કીર્તિનાજ લોભી, નીતિ, ધર્મ અને રાજ્યના નીમક-હલાલ નોકર. ન્યાય બુદ્ધિ સાથે ઇશ્વર પ્રેરણાથી જે કામ કરે તેને ઉજવળ કીર્તિની પ્રાપ્તી થાય તેમા નવાઇ નથી

આ ખુદ મહુવામાં વીસહજારની વસ્તીવાળા ગામમાં બે પોલીસ ચકલાની વચ્ચે, તેમજ પોલીસના ખડા પેહેરાની હાજરીમાં સોની નાજા નારણુ અને તેની ઓરતનુ જાહેર રીતે ખુન થયું તે મી. કાવસશાહ પીરોજશાહ કરાકાએ બીન નોકરે ચૌદ માસે પકડાવી આપ્યુ. તે સિવાય પોલીસે કે જે ઉપરી સાહેબને એ કારણને અંગે રાજીનામું ફરજીયાત આપવુ પડયુ છે તેનાથી બીલકુલ પકડાયું નહી તો આ બાબતમાં મી. પ્રાગજીભાઇએ ગુન્હેગારોને મુદ્દામાલ સાથે શોધી કાહાડયા તે વાતને નાજા સોનીના ખુનની વાત સાથે સરખાવતાં તેણે એક પરાક્રમ કર્યું કેમ નહી કહી શકાય ? આ બાબતમા મી. પ્રાગજીભાઇને તેમની ઉત્ત્યમ શક્તિને માટે ધનવાદ આપીએ છીએ. અને આશા રાખીએ છીએ કે પોલીસ ખાતાની ઉજવળતા બતાવવામાં સદાને માટે પોતાના એજ વિચારો કાયમ રાખશે. લી. કવિ.

ત્રિભુવનદાસ નારણજી.

સમાપ્ત. અમદાવાદ.

શ્રી

આ પુસ્તક પ્રગટ થવામાં જે જે શ્રીમાન પુરૂષોએ નામ નોધાવ્યા વિના અને નિચે પ્રમાણે નામ નોધાવી આશ્રય આપ્યો છે તેમનો અંતઃકરણપુર્વક આભાર માનુ છું.

ગ્રાહકોના મુબારક નામની નોંધ.

૫૧ શ્રીમાન રામજીભાઇ પીતાબરદાસ
૨૫ ,, ચંદુલાલભાઇ કેશવલાલ
૧૦ ,, સીવલાલ છગનલાલ
૫ ,, પરભુદાસ નારણજી
૫ ,, અંબારામ પરભુદાસ
૫ ,, નગીનદાસ પરભુદાસ
૫ ,, સગરભાઇ મોતીભાઈ
૫ ,, હરિલાલ જેઠાલાલ
૫ ,, ભુરાભાઇ નાનજી
૫ ,, છગનલાલ વિ. જેશંકર
૪ ,, સીવલાલ જીવરાજ શાહ
૨ ,, સોની નરોતમદાસ મુળજી
૨ ,, સોની ધનજીભાઇ મુળજી
૨ ,, શધા ઉર્ફે શંકરભાઇ પુંજાભાઇ
૧ ,, જીવાભાઇ ત્રીકમલાલ રેલવે સામે સરદાર હોટેલ
૧ ,, ચુનીલાલ વિ. જેશંકર વ્યાસ.

૧ ,, પ્રાગજી ગોવિંદ પટેલ
૧ ,, બુલાખીદાસ છમનલાલ
૧ ,, જી. એમ. મરકતી બ્રધર્સ
૧ ,, શંકરભાઇ મનસુખભાઇ
૧ ,, વૈદરાજ સોમચંદ જેઠાલાલ
૧ ,, ન્યામતરાય જેઠાલાલ
૧ ,, શાહ ચુનીલાલ નવલચંદ મથવી
૧ ,, મણિલાલ વિ. લલ્લુભાઇ
૧ ,, જડીયા રણછોડભાઇ હીરાચંદ

કલકત્તા.

૬ એન. એ ત્રીવેદી નંબર ૬ પોર્ટુગીજ ચર્ચસ્ત્રીટ કોલ મરચંટ

જોધપુર.

૧ બસીધર નીલકંઠ

સીરોઇ.

૧ ગણેશ ફોજમલ

સુરત.

૧ ડાહ્યાભાઇ પીતાંબરદાસ

૧ હરગોવીંદદાસ ઝવેરદાસ

૧ આત્મારામ ભુખણદાસ ઝરીવાળા

૧ રણછોડદાસ વલભદાસ

૧ ચુનીલાલભાઇ કેળાવાળાં

શેરખી.

૨ પરમારભાઇ બાપુ ભૂપતસિંહ

કલોલ.

૧ બારોટ સબાભાઇ ગંભીરજી

પાલેજ.

૧ શાહ ગાંડાલાલ ફુલચંદ

૧ શાહ કુંવરજી જાદવજી

૧ શાહ ખુશાલ મોતીચંદ

મહુવા

૨ ઉમૈયાશંકર રૂગનાથ

લજાઇ.

૧ ભટ ખીમજી એડેચર

જાહેર ખબર.

આજ સુધીમાં મારા તરફથી ચૌદ પુસ્તકો પ્રગટ થયેલાં છે જેની નકલો પોણીબાણુ હજાર થયેલી, તેમાં હાલ નિચે લખેલાં પુસ્તકો મારી પાસેથી મળી શકશે.—

૧ ત્રિભૂવન તરંગ પુરી કિંમતે		કિંમત ચાર આના.
૨ રૂપિયાના હડકાયા અને બે પગના ગધેડા સબંધી ચેતવણી...	,,	બે આના.
૩ હોટેલ પુરાણુ	,,	એક આનો.
૪ નાટક પુરાણુ	,,	બે આના.
૫ સાનંદના ઢગના અને વાંઢાના વલખાની વિભુને વિજ્ઞપ્તિ.	,,	બે આના
૬ કબુદ્ધિનો કેર...	,,	બે આના.

મળવાનું ઠેકાણું.

રાયપુર દરવાજે ભઉની પોળમાં શ્રીયુત્ મહાત્મા શ્રી ચીમનલાલ માધ બુલાખીદાસ શાંતિભૂવન નંબર ૧૨૧૪ ટી. એન. કવિ અમદાવાદ.
